કલા, કારીગરી, કૌશલ્ય અને સાહિત્યને ઉજાગર કરતું માસિક • 10, August 2026 | ₹ 30

# વિશ્વકર્મા વિશ્વ




## દેશભરમાં Gen Z જાગૃત થયો અને સરકારને નમાવી સમાજનો Gen Z ક્યારે જાગૃત થશે ?

## મુકેશભાઈ લુહારની કારીગરી નિહાળી જગદીશ વિશ્વકર્માએ કહ્યું, ''કારીગરી અભ્યાસની મોહતાજ નથી''

# હાર્ટ બ્લોકેજ ?
# હૃદયનું ઓછું પંપિંગ ?



## એક નવી આશા
## નેચરલ બાયપાસ

# EECP સારવાર



**સર્જરી વગર, સ્ટેન્ટ વગર, હોસ્પિટલમાં દાખલ થયા વગર**

---

## EECP (Enhanced External Counter Pulsation) શું છે?

**EECP એક વૈજ્ઞાનિક, બિન-શસ્ત્રક્રિયાત્મક (Non-Invasive) સારવાર છે, જે હૃદય સુધી વધુ રક્તપ્રવાહ પહોંચાડવામાં મદદ કરે છે અને શરીરમાં કુદરતી રીતે નવી સૂક્ષ્મ રક્તવાહિનીઓ (Natural Bypass) વિકસાવવામાં સહાય કરે છે.**

---

### EECPના મુખ્ય ફાયદા :


- હૃદયમાં રક્તપ્રવાહ સુધારે
- હાર્ટ બ્લોકેજના લક્ષણોમાં રાહત આપે
- છાતીમાં દુખાવો (એન્જાઇના) ઘટાડે
- શ્વાસ ચઢવાની સમસ્યા ઓછી કરે
- હૃદયની પંપિંગ ક્ષમતા (Ejection Fraction) સુધારવામાં મદદરૂપ
- શરીરની કાર્યક્ષમતા અને સ્ટેમિના વધારે
- નવી સૂક્ષ્મ રક્તવાહિનીઓ (Collateral Circulation) વિકસાવે
- બાયપાસ સર્જરી અથવા સ્ટેન્ટના વિકલ્પ તરીકે ઉપયોગી
- ડાયાબિટીસ અને હાઈપરટેન્શનના દર્દીઓ માટે પણ લાભદાયક
- દૈનિક જીવન વધુ આરામદાયક બનાવે
- તણાવ અને થાકમાં ઘટાડો કરે

### કોના માટે યોગ્ય?

- હાર્ટ બ્લોકેજ ધરાવતા દર્દીઓ
- હાર્ટ ફેલ્યોરના દર્દીઓ
- બાયપાસ અથવા સ્ટેન્ટ કરાવવા ઈચ્છતા ન હોય તેવા દર્દીઓ
- બાયપાસ/એન્જિયોપ્લાસ્ટી પછી પણ તકલીફ રહેતી હોય
- હૃદયનું ઓછું પંપિંગ (Low EF)
- વારંવાર છાતીમાં દુખાવો થતો હોય

### શા માટે EECP ?

- સંપૂર્ણ સલામત અને પીડારહિત સારવાર
- કોઈ ઓપરેશન કે એનેસ્થેસિયાની જરૂર નથી
- હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર નથી
- સારવાર પછી રોજિંદા કાર્યો ચાલુ રાખી શકાય
- લાંબા સમય સુધી લાભ મળી શકે



## નેચરલ બાયપાસ અપનાવો... હૃદયને સ્વસ્થ, મજબૂત અને ધબકતું રાખો, આજે જ નિષ્ણાતની સલાહ લો!


**NOVA CLINIC**

**Dr. Khengar Pandya**

(M.B.B.S.) DNB (F.Medicine) જનરલ ફિઝીશીયન એન્ડ સર્જન

---

Rani Tower, First Floor, Shop No. 27, Opp. Crystal Mall, Kalawad Road, Rajkot-360005.

**Contact No. : 99099 97457 / 99099 97467**

VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269




Volume No.-15, Issue No.07
Date : 10-08-2026

Page : 28
Retail Price Rs.30/-
Annual Subscription Rs. 300/-

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Mo. 90999 49565

**Editor-Publisher-Owner & Printer:** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**

## તંત્રી સ્થાનેથી...

### દેશભરમાં Gen Z જાગૃત થયો અને સરકારને નમાવી

# સમાજનો Gen Z જાગૃત ક્યારે થશે ?



કોક્રોચ જનતા પાર્ટીએ આંદોલન દ્વારા દેશભરના Gen Z ને જાગૃત કર્યા અને શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામુ આપવું પડયું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અડધી રાત્રે ઈન્સ્ટાગ્રામ પર આવુ પડયું. કોક્રોચ પાર્ટીના Gen Z યુવાનો-યુવતીઓએ ગાંધીજીનો રસ્તો પકડયો, લાઠીચાર્જ, અશ્રુવાયુ અને આંતકવાદીઓ સામે વપરાતી પેલેટગનનો ઉપયોગ કર્યો આમ છતાં Gen Z યુવાનોએ ડર્યા વગર અત્યાચારનો સામનો કર્યો. અને તાનાશાહીને પડકાર ફેંકયો સાથોસાથ 'ડરકે આગે જીત હૈ'નું સુત્ર અમલી બનાવી શિક્ષણમંત્રીને રાજીનામુ આપવા મજબુર કર્યા અને ગાંધી વિચાર આજના સમયમાં પણ સત્યને વિજય અપાવી શકે છે તે યુવાનોએ સાબિત કર્યું છે ત્યારે આપણા સમાજના કેટલાક શહેરોના હોદ્દેદારો પણ તાનાશાહી જેવું વર્તન કરી પોતાની મનમાની કરી રહયા છે. સમાજના ભોગે પોતે વાહવાહી મેળવી રહયા છે. એટલું જ નહીં સમાજના પૈસાના ભોગે પોતાના રાજકીય રોટલા શેકી પોતે મોટા થઈને લાભ લઈ રહયા છે. ગોબલ્સ પ્રચાર કરી સમાજને ભરમાવી રહયા છે. સમાજની આંખમાં ધુળ નાખી પોતાનો એજન્ડા પાર પાડતા રહયા છે ત્યારે સમાજના Gen Z એ પણ જાગૃત થવાનો અવસર આવી ગયો છે તેવું નથી લાગતું ?

રાજકીય કક્ષાએ પણ તોડજોડની નીતિ અપનાવી પક્ષોનું વિભાજન કરાવડાવી તાનાશાહી કૃત્ય આચરી પોતાનો પક્ષ મજબુત કરી 'હું જ સર્વોપરી છું' તેવું વાતાવરણ ઉભુ કરાય છે. આપણા સમાજના કેટલાક શહેરોમાં પણ આવુ વાતાવરણ દૃષ્ટિમાન થાય છે અન્ય સંસ્થાઓની પ્રવૃત્તિ ભાંગવાની વૃતી, પોતાનું કહ્યુ ન માનનારને સમાજ વિરોધી ચીતરવાની હલકી મનોવૃત્તિ, બીજી સંસ્થામાં થતી પ્રવૃત્તિની સામે તેના જેવી જ પ્રવૃત્તિ શરૂ કરી સાચી સંસ્થાને ભાગવા જેવી વૃતિ સત્ય કહેવાવાળાને વિરોધી ગણી સમાજમાંથી કાઢી મુકવા, તેમજ સાચી હકીકતોથી સમાજને અંધારામાં રાખવાની કુચાલ રમવા જેવી અને પ્રવૃત્તિ કેટલાક શહેરમાં થતી જીવંત દશ્યમાન થાય છે ત્યારે શું સમાજના Gen Z એ જાગૃત થવું જોઈએ તેવું નથી લાગતું ?

સમાજના Gen Z જાગૃત થાય અને આવી અનૈતિક પ્રવૃત્તિઓને ડામવાની સમાજના Gen Z ને ભગવાન શ્રી વિશ્વકર્મા પ્રભુજી શકિત આપે તેવી પ્રાર્થના...

PDGajjar
◆ પ્રવિણ ગજ્જર

**નોંધ :** વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અને ડીઝાઇનનો જે તે પાર્ટીની પરવાનગી લીધા વગર-અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**

# મુકેશભાઇ લુહારની કારીગરી નિહાળી જગદીશ વિશ્વકર્માએ કહ્યું, 'કારીગરી અભ્યાસની મોહતાજ નથી'

પ્રવીણ ગજ્જર

## નાના એવા કારખાનાની મુલાકાત લઇ જગદીશભાઇ વિશ્વકર્માએ મુકેશભાઇ લુહારની કારીગરીને બિરદાવી



મુકેશભાઇ તમારી કારીગરી અને કૌશલ્યતાના દર્શન તો તમે બનાવેલ વિવિધ મોડલ વીડિયો નિહાળીને કરૂ છું પરંતુ તમારી આ કારીગરી નિહાળવા તમારા માટે ટાઇમ કાઢીને ખાસ આવ્યો છું.

આ શબ્દો છે ગુજરાતના ભાજપના પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશ વિશ્વકર્માના, છેલ્લે તેઓ રાજકોટ આવ્યા ત્યારે રાજકોટમાં ભરચકક રાજકીય કાર્યક્રમો વચ્ચે સમય કાઢીને રાજકોટના મવડી પ્લોટના અમરનગરમાં આવેલ ૪૦ વર્ષ જુના એવા ૬ ફૂટ × ૬ ફૂટમાં આવેલ શ્રીજી ટુલ્સ સોલ્ડર નામના કારખાનાની શ્રી જગદીશ વિશ્વકર્માએ મુલાકાત લીધી ત્યારે કારીગરીની પરાકાષ્ઠા સર્જીને વિશ્વકર્મા પ્રભુજીએ આપેલ કલા-કારીગરીનો વારસાનું જતન મુકેશભાઇ લુહાર (આસોડીયા) કેવી રીતે કરી રહયા છે. તેનું પ્રત્યક્ષ દર્શન કર્યું.

શ્રી જગદીશ વિશ્વકર્માએ શ્રીજી ટુલ્સ સોલ્ડરની આ મુલાકાત દરમ્યાન શ્રી મુકેશભાઇ લુહારે બનાવેલ નાનકડી ડ્રીલ મશીન, ગ્રાઇન્ડર, વેલ્ડીંગ મશીન, છકડા રીક્ષાની ટાંકી અને ફિલ્મ પ્રોજેકટરના નાનકડા મોડલ નિહાળી ખુબ જ પ્રભાવીત થયા અને સ્ક્રેપમાંથી



રોલ્સ રોયલ કાર, ટ્રેન, ટ્રેકટર, સહિતના અત્યાર સુધીમાં ૧૫૦ મોડલ બનાવી ચુકેલા શ્રી મુકેશભાઇ લુહારને શ્રી જગદીશ વિશ્વકર્માએ કહયું તમે આ નાના નાના પણ સાચુકલા વિવિધ મોડેલ બનાવીને એ સાબિત કરી દીધું છે કે આવડત-કારીગરીએ અભ્યાસની મોહતાજ નથી.

શ્રી જગદીશભાઇ વિશ્વકર્માએ શ્રી મુકેશભાઇ લુહારના કારખાનાની મુલાકાતનો વીડિયો પોતાના ફેસબુક અને અન્ય સોશ્યલ મીડિયાના માધ્યમથી મુકયા બાદ શ્રી મુકેશભાઇ લુહાર પર અભિનંદનનો વરસાદ વરસી રહયો છે અને આ મોડલો પ્રદર્શીત




**મુકેશભાઇ લુહારના કારખાનાની મુલાકાત સમયે શ્રી જગદીશ વિશ્વકર્મા સાથે રાજકોટના મેયર નેહલ શુકલ, શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, મંત્રી જીતુભાઇ પણ સાથે રહયા હતા.**

# વર્કીંગ ટ્રેનથી શરૂ કરી રીક્ષા છકડો સુધીની ૧૨ વર્ષની સફર : ઈંગ્લેન્ડના મ્યુઝીયમમાં પ્રદર્શીત છે રાજકોટની કારીગરી

કરવા ઠેર ઠેરથી આમંત્રણ મળવા લાગ્યા છે.

પોતાની કારીગરીને કારણે જાણીતા થયેલા શ્રી મુકેશભાઇ લુહાર વિશ્વકર્મા વિશ્વ કાર્યાલયની મુલાકાત દરમ્યાન કહયું કે શ્રી વિશ્વકર્મા દાદાની મારા પર અનહદ કૃપા હોવાને કારણે જ મારા થકી વિવિધ મોડલનું સર્જન થતું રહયું છે.



મુકેશભાઇ લુહાર કહે છે, મુળ અમે ગોંડલના પિતા દેવજીભાઇ સાથે ૪૦ વર્ષ પહેલા રાજકોટ આવ્યો. મવડી પ્લોટ અમરનગર મેઇન રોડ પર શ્રીજી ટુલ્સ સોલ્ડર નામથી કારખાનુ શરૂ કર્યું.

આવા મોડલ બનાવવાની પ્રેરણા અને શરૂઆત કેવી રીતે થઇ ?

તેવા પ્રશ્નના જવાબમાં મુકેશભાઇ લુહાર કહે છે, જન્માષ્ટમીના તહેવારોમાં રાજકોટમાં વિવિધ વિસ્તારમાં વિવિધ પ્રદર્શન થતા હોય છે. ૧૨ વર્ષ પહેલા જન્માષ્ટમી પહેલા મારી સાથે કામ કરતા બિપીનભાઇ ગોસ્વામીએ મને કહયું મવડી મેઇન રોડ પર આવેલ ઉદીયાસર સોમનાથ મહાદેવ મંદિર માટે એક મોડલ બનાવી આપો ને ? મેં સૌ પ્રથમ ટ્રેઇન જેવી જ અસલ નાની રાજકોટ-પોરબંદર ટ્રેનનું એન્જિન અન ડબ્બાવાળુ મોડલ બનાવ્યું જેને ૧૨ × ૮ ડાયામીટરના પાટા પર દોડતુ કર્યું. ડીસી મોટર, ગીયર બોકસ, લોખંડના પતરા અને પાટા માટે એંગલનો ઉપયોગ કર્યો. સાંજના ૬ વાગ્યા સુધી ધંધો અને ૬ વાગ્યા બાદનો સમય આ મોડલ બનાવવા વીતાવ્યો દોઢ મહિનાની મહેનત બાદ રાજકોટ પોરબંદરની આ ટ્રેન જન્માષ્ટમીના તહેવારો પર જનતા સમક્ષ મુકી અને જે નિહાળવા લોકોનો પ્રતિસાદ મળ્યો અને તેનાથી જે આનંદ થયો તે આજેય ભુલાતો નથી.

મુકેશભાઇ કહે છે, ૧૨ વર્ષ પહેલા શરૂ થયેલ આ સફર આજે પણ ચાલુ છે. આ સફર દરમ્યાન ૧૫૦ જેટલા મોડલ બનાવ્યા. જેમાં ટ્રક, એસ.ટી. બસ, જીપ, બુલેટ, રોલ્સ રોયલ લેથ, મશીન, ડ્રીલ, હેકસો, પાવર પ્રેસ, ગ્રાઇન્ડર, ઇલેકટ્રીક વેલ્ડીંગ, મીક્ષ્ચર અને છેલ્લે બનાવ્યો છકડો રીક્ષા.


# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પણ આ અદ્‌ભુત કારીગરી નિહાળી છે : હવે થશે અક્ષરધામના વોટરફોલની પ્રતિકૃતિ












૧૮ ઇંચ અને ૮ કિલો વજનની આ રીક્ષાનું વર્કીંગ મોડલે વ્યાપક પ્રસંશા મેળવી છે. ડીસી-૧૨ વોટની મોટર, રબ્બરના વ્હીલ, લોખંડ, સ્ટેનલેસ સ્ટીલ ટાયર, બ્રેક-હેડલાઇટ, મીરર, કીક સાથેની આ છકડો રીક્ષામાં ૨૫૦ જેટલા પાર્ટસ જાતે જ બનાવી તેમનો ઉપયોગ કર્યો છે. દોઢ મહિનાની મહેનતના અંતે આ છકડાનું વર્કીંગ મોડલ તૈયાર થયું છે.

મુકેશભાઇ લુહારની કારીગરી ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલે પણ નિહાળી છે. એટલું જ નહીં વિદેશમાં પણ મુકેશભાઇની કારીગરીએ ઘેલુ લગાડયું છે. મુકેશભાઇએ બનાવેલ બુલેટ અને છકડાના મોડલ જર્મની પહોંચ્યા છે. મુકેશભાઇએ બનાવેલ ટ્રેઇન ઇંગ્લેન્ડના મ્યુઝીયમમાં પહોંચી છે. જર્મનીના મેગેઝીને પણ લેખ દ્વારા મુકેશભાઇની કારીગરીને સ્થાન આપ્યું છે.



**વિશ્વકર્મા વિશ્વની મુલાકાત સમયે જાણીતા સંગ્રાહક કાંતિભાઇ વાડોલીયા, વરાળીયા શાક વાળા વિનુભાઇ પટેલ પણ સાથે રહયા હતા.**

મુકેશભાઇને ઘેર આવતા સગા-સ્નેહીજનો મુકેશભાઇએ બનાવેલ રેલ્વે જંકશન-યાર્ડનું દર્શન કરાવતી ટીપોઇ નિહાળી આફરીન પોકારી ઉઠે છે.

હવે પછી શું બનાવશો ? તેવા પ્રશ્નના જવાબમાં મુકેશભાઇ કહે છે, ગાંધીનગર અક્ષરધામમાં જે વોટર શો થાય છે. તેની પ્રતિકૃતિ સમુ મોડલ બનાવવું છે.

માત્ર ૩ ધોરણ ભણેલા મુકેશભાઇ શિક્ષણનું મહત્વ સમજયા છે. અને એટલે જ તેના પુત્રને ગ્રેજયુએટ બનાવી એચડીએફસીની રણછોડનગર બ્રાંચમાં ઓફીસર બનાવ્યો છે.

એન્જિનિયર થયેલા વિદ્યાર્થીઓ પણ ન કરી શકે તેવો કારીગરીના દર્શન કરાવનાર મુકેશભાઇએ સાબીત કર્યું છે કે કારીગરીએ અભ્યાસની મોહતાજ નથી. મુકેશભાઇ લુહાર વિશ્વકર્મા સમાજનું ઘરેણું છે. મુકેશભાઇની કારીગરીને વિશ્વકર્મા વિશ્વ પરિવારની સલામ.

# મહાભારતમાંથી તારવેલા શ્રીકૃષ્ણના અણમોલ મેસેજ

## આ પ્રેક્ટિકલ સૂચનો થકી કૃષ્ણ પોતે જ આપણા સૌના ફ્રેન્ડ, ફિલોસોફર એન્ડ ગાઈડ બની રહેશે

**જય વસાવડા**

**૧. માતાપિતા અને સંતાનોઃ** માતાપિતા હંમેશા પોતાના સંતાનોના સુખની કામના કરતા હોય છે. એમના ભવિષ્યની ચિંતા કરતા હોય છે. આ જ ઘેલછામાં સંતાનોના ભવિષ્યનો માર્ગ પોતે જ નિશ્ચિત કરતા રહે છે. જે માર્ગ પર પોતે ચાલ્યા છે. જે માર્ગની ધૂળ, કાંકરા,પથ્થર અને છાંયડા પોતે અનુભવ્યા છે એ જ માર્ગ પર સંતાન પણ ચાલે એવી એમની અપેક્ષા હોય છે. નિઃસંદેહ ઉત્તમ ભાવના છે. પણ ત્રણ પ્રશ્નો પર વિચાર કરવો અનિવાર્ય છે. શું સમયની સાથે પ્રત્યેક માર્ગ બદલાય નથી જતા? શું સમય હંમેશા નવા પડકારો લઈને નથી આવતો? તો પછી વીતેલા સમયનો અનુભવ નવી પેઢીને કઈ રીતે લાભ આપી શકે? સંતાનો માતાપિતાની છબી જરૂર હોઈ શકે. પણ ભીતરની ક્ષમતા તો ઈશ્વર જ આપે છે. તો જે માર્ગ ઓર પિતાને સફળતા મળી છે એ જ માર્ગ ઓર એના પુત્રને પણ સફળતા મળશે જ એવી ખાતરી છે? શું જીવનના પડકારો લાભદાયક નથી હોતા? દરેક નવા પ્રશ્નો અને પડકારો જ્ઞાન અને ક્ષમતાનો નવો અધ્યાય નથી? તો પછી આ પ્રશ્નો અને પડકારોને સંતાનોથી દૂર રાખવાની કોશિશ કરવી એ લાભકર્તા ગણાશે કે હાનિકારક? સંતાનોના ભવિષ્યના નિર્માણના આયોજન કરતા એના ચરિત્રનિર્માણ માટે પ્રયત્નો કરવાથી નવા પડકારોના ઉત્તરો મળવાની સંભાવનાઓ વધુ રહેલી છે. આવા વ્યર્થ પ્રયત્નો થકી માતાપિતા પોતાના સંતાનોને ભલે ભવિષ્યનું સુખ આપવા પ્રયત્નો કરતા હોય છે. પણ આપી બેસે છે પીડાના પૂર્વગ્રહોનું પોટલુ.



**૨. ઈચ્છાઓ, દુઃખ અને જ્ઞાનઃ** કંઈક પામવાથી મળેલી સફળતા અથવા કંઈક ના પામવાથી મળેલી નિષ્ફળતા જ મનુષ્યના દુઃખનું કારણ છે. ઘણા લોકો ઈચ્છાઓ પાછળ એવી રીતે દોડ્યા કરે છે જાણે કે મૃગજળની પાછળ દોડતું હરણ. પણ એ નથી સમજી શકતો કે ઇચ્છાઓની અપૂર્ણતાના ગર્ભમાં જ જ્ઞાનનો પ્રકાશ હોય છે. ઈચ્છાઓ જ્યારે તૂટે છે ત્યારે જ્ઞાનપ્રાપ્તિની ઝંખના પ્રબળ બને છે. અપૂર્ણ ઇચ્છાઓમાંથી જ્ઞાનનું કિરણ પ્રવેશે

**૩. કર્મો અને પ્રાર્થનાઃ** ઈશ્વરની યોજનાઓને આપણી નિયતિ માનવી એ પ્રાર્થના છે. પણ એ યોજનાઓ તો આપણા કર્મોની પ્રતિકૃતિ રૂપે પ્રગટ થતી હોય છે. માટે કર્મોનો ત્યાગ કરીને નિયતીને આધીન રહેવું એ પ્રાર્થના નથી. જે પ્રાર્થના મનુષ્યના કર્મમાં બાધા બની જાય એ પ્રાર્થના નથી, પણ પરાજય છે.

**૪. અન્યાય, પ્રતિશોધ અને ધર્મઃ** જ્યારે કોઈ વ્યક્તિને કોઈ બીજી વ્યક્તિ થકી અન્યાયની લાગણી થાય છે ત્યારે વ્યક્તિ આકુળવ્યાકુળ બની જાય છે. પરંતુ અન્યાય કરનારને પશ્ચાતાપ થાય, અન્યાય ભોગવનારને સમાજ પ્રત્યે ફરીથી વિશ્વાસ જાગે એ જ ન્યાયનો સાચો અર્થ છે. પણ જેના હૃદયમાં ધર્મ નથી હોતો એ ન્યાય ત્યજીને વેર

અને પ્રતિશોધનો રસ્તો અપનાવે છે. ન્યાય અને પ્રતિશોધ વચ્ચે બહુ ઓછું અંતર હોય છે. અને એ અંતરને ધર્મ કહેવાય છે.

**૫. સંકટ અને અવસરઃ** સંકટ આવે ત્યારે એની સાથે અવસરનો જન્મ પણ થાય છે. પોતાની જાતને બદલવાનો અવસર, વિચારોને ઊંચાઈએ પહોંચાડવાનો અવસર, આત્માને બળવાન અને જ્ઞાનમંડિત બનાવવાનો અવસર. આટલું કરી શકીએ તો સંકટો સહેલાઈથી પર કરી શકશો. અન્યથા જગત માટે પોતે જ એક સંકટ બની રહેશો.

**૬. સંબંધો અને અપેક્ષાઓઃ** મનુષ્યના તમામ સંબંધોનો આધાર અપેક્ષા પર રહેલો છે. મનુષ્ય એને જ પ્રેમ કરી શકે છે જે એની અપેક્ષાઓ પુરી કરી શકે છે.પણ અપેક્ષાની નિયતિ જ છે ભંગ થવાની. કારણ કે અપેક્ષા મનુષ્યના મસ્તિષ્કમાં જન્મે છે. અન્ય વ્યકિતને એ અપેક્ષાઓની જાણ જ નથી થતી. ઋણ કરવાની તમામ ઈચ્છાઓ હોય તો પણ કોઈ મનુષ્ય અન્ય કોઈ મનુષ્યની અપેક્ષાઓ પૂર્ણ કરી નથી શકતો. અને ત્યાંથી સંઘર્ષ જન્મે છે.



**૭. સત્તાઃ** સત્તાનું વાસ્તવિક રૂપ શું છે?એક મનુષ્ય જેટલા વધારે લોકોના જીવનને પ્રભાવિત કરી શકે, જેટલા વધારે લોકોની સ્વતંત્રતા પર અંકુશ રાખી શકે એટલા જ વધારે સમય માટે એ સત્તાનો અનુભવ કરી શકે.પણ વાસ્તવિક પ્રભાવ તો પ્રેમ, દયા, કરૂણા અને ધર્મ પર આધારિત હોય છે. જ્યારે મનુષ્ય અધર્મ અને કઠોરતાથી સત્તા પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરે છે ત્યારે તે અન્યોના હૃદયમાં વિદ્રોહ અને વિરોધને જન્મ આપે છે. હા, થોડા સમય માટે પોતે શક્તિશાળી હોવાનો અનુભવ જરૂર કરી શકે. પણ એ વાસ્તવિક સત્તા નથી.

**૮. ધર્મસંકટઃ** જીવનમાં એવો સમય જરૂર આવે છે જ્યારે બધા સપનાઓ, બધી આશાઓ ધ્વસ્ત થઈ જાય છે.જીવનના બધા આયોજન જ વિખેરાય જાય છે. એક તરફ ધર્મ હોય છે ને બીજી તરફ દુઃખ. આને જ ધર્મ સંકટ કહે છે. વાસ્તવમાં ધર્મ સંકટની ક્ષણ જ ઈશ્વર સમીપે જવાની ક્ષણ છે. જો આપણે સંઘર્ષોથી ભયભીત ના બનીએ, સુખ તરફ આકર્ષિત ના બનીએ અને આપણા ધર્મ પ્રત્યે દ્રઢ બનીએ તો ઈશ્વરનો સાક્ષાત્કાર અશક્ય નથી.

**૯.સંબંધોમાં સુખ અને દુઃખઃ** સંબંધોમાં વધારે સુખ અને ઓછું દુઃખ કંઈ રીતે પ્રાપ્ત કરવું? શું તમારા કોઈ પણ સંબંધોએ તમને સંપૂર્ણ સંતોષ આપ્યો છે? આપણું જીવન સંબંધો પર આધારિત છે. છતાં આપણને વધુમાં વધુ દુઃખ સંબંધોમાંથી જ મળે છે. જ્યારે કોઈ વ્યક્તિ કોઈ અન્ય વ્યક્તિના કાર્ય અને સ્વભાવનો સ્વીકાર નથી કરી શકતો ત્યારે તે એ વ્યક્તિના વિચારોમાં પરિવર્તન લાવવાની કોશિશ કરે છે. પરિણામે જન્મે છે સંઘર્ષ. જો મનુષ્ય અન્ય વ્યક્તિનો સ્વીકાર કરીને પોતાની ભીતર પરિવર્તન કરવાની કોશિશ કરે તો સંઘર્ષને બદલે મળશે સંતોષ. અર્થાત સ્વીકાર જ સંબંધોનું વાસ્તવિક રૂપ છે. સ્વીકાર એ સંબંધોની આત્મા છે.

**૧૦. સત્ય અને તથ્યઃ** બધાના જીવનમાં એક પ્રસંગ એવો આવે જ છે જ્યારે હૃદયમાં સત્ય કહેવાનો ઉમળકો હોય છે, પણ મુખમાંથી સત્ય નીકળતું નથી. કોઈ ભય મનને ઘેરી લે છે. કોઈ ઘટના કે પ્રસંગ અંગે બોલવું કે પોતાનાથી કોઈ ભૂલ થઈ આય એનો સ્વીકાર સત્ય છે? નહીં એ તો તથ્ય છે. છતાં ક્યારેક તથ્યની વાત કહેતા ડર લાગે છે. બીજાઓની ભાવનાને ઠેસ પહોંચવાની લાગણી થાય છે. આ બધા વિચારોનો ડર મનુષ્યને બોલતા રોકે છે. તો પછી સત્ય શું છે? જ્યારે ભય હોવા છતાં જ્યારે કોઈ તથ્ય બોલવાની હિંમત કરે છે ત્યારે એ સત્ય કહેવાય છે.

**૧૧. પરંપરા અને ધર્મઃ** પરંપરાઓમાં જ ધર્મ વસે છે. અને પરંપરાઓ જ ધર્મના રક્ષણનું કાર્ય કરે છે એ સત્ય છે. પણ શું ફક્ત પરંપરા જ ધર્મ છે? એક પથ્થરમાં શિલ્પ હોય છે, પણ એ પથ્થર શિલ્પ નથી. પથ્થરને તોડવો પડે છે, અનાવશ્યક ભાગ દૂર કરવો પડે છે. ત્યારે એમાંથી શિલ્પ બને છે. આ જ રીતે પરંપરાઓમાંથી ધર્મને શોધવો પડે છે.

–હેપ્પી જન્માષ્ટમી સૌ દોસ્તોને

**(જય વસાવડાના બ્લોગમાંથી સાભાર)**

# આવ્યો શ્રાવણ માસ

અસ્મિતા વિસરોલિયા(થાનગઢ)

મોહમ્મદ રફી સાહેબ અને લતાજી નું ફિલ્મ આયા સાવન ઝૂમકે નું ટાઈટલ ગીત 'બદરા છાઇ કી ઝુલે પડ ગયે હાય કી મેલે લગ ગયે મચ ગઇ ધૂમ રે કિ આયા સાવન ઝૂમ કે' હાલમાં પણ ખૂબ જ લોકપ્રિય છે. શ્રાવણ માસનું મહત્વ દર્શાવતું આ ગીત વારંવાર સૌને સાંભળવું ગમે છે. વિક્રમ સવંતનો દસમો અને ચોમાસાનો બીજો મહિનો એટલે શ્રાવણમાસ. શ્રાવણ માસનો પ્રારંભ થાય એટલે ભક્તોનો ઉત્સાહ અનેક ગણો વધી જાય છે. 'શ્રાવણ' શબ્દ સંસ્કૃત શબ્દ 'શ્રુ' પરથી આવ્યો છે. જેનો અર્થ ''સાંભળવું'' એવો થાય છે. એટલે જ શ્રાવણ માસમાં વૈદિક ગ્રંથો, ધાર્મિક વાર્તાઓ અને કથાઓ સાંભળવાનો મહિમા છે.



આપણા હિન્દુ ધર્મમાં પવિત્ર શ્રાવણ માસનું સ્થાન સર્વોપરી છે. આ મહિનો ભગવાન શિવની ભક્તિનો સર્વોત્તમ મહિનો છે. આપણા પુરાણો અનુસાર આ પવિત્ર માસ મહાદેવને ખૂબ જ પ્રિય છે. આ શ્રાવણ માસમાં ભગવાન શિવની પૂજા અર્ચના કરવાથી અક્ષય પુણ્યની પ્રાપ્તિ થાય છે એવું માનવામાં આવે છે. આ મહિનાની પૂનમના દિવસે આકાશમાં શ્રવણ નક્ષત્ર હોવાથી આ મહિનાને શ્રાવણ કહેવામાં આવે છે. શ્રાવણ માસમાં પ્રત્યેક સોમવારનું પણ અનેરુ મહત્વ છે. લોકો સોમવારનું વ્રત રાખી શિવલિંગ પર દૂધ,જળ અને બીલીપત્ર અર્પણ કરી પૂજા કરે છે.

એક માન્યતા અનુસાર ભગવાન શિવ શ્રાવણ માસમાં પૃથ્વી પર પોતાના સાસરે ગયા હતા. ત્યાં જળાભિષેક કરી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. માતા પાર્વતીએ યુવાવસ્થા દરમિયાન શ્રાવણ માસમાં અન્નનો ત્યાગ કરી આકરી તપસ્યા કરીને ભગવાન શિવને પ્રસન્ન કર્યા હતા. આ માસમાં રૂદ્રાભિષેક પણ કરવામાં આવે છે. આ માસમાં સૌથી વધુ ધાર્મિક તહેવારો આવે છે. જેમ કે ભાઈ બહેનના પવિત્ર પ્રેમનો તહેવાર રક્ષાબંધન, ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ જન્માષ્ટમી, શીતળા માતાનો મહિમા ગાતો તહેવાર એટલે શીતળા સાતમ, ઉપરાંત મંગળા ગૌરીવ્રત ,જીવંતિકા વ્રત વગેરે અનેક નાના મોટાતહેવારો આવે છે.

આપણા પુરાણો મુજબ શ્રાવણ માસમાં સાગર મંથન થયું હતું. જેમાં હળાહળ વિષ બહાર આવ્યું હતું. જેને ભગવાન શંકરે ગળામાં ધારણ કરી સૃષ્ટિની રક્ષા કરી હતી. પરંતુ વિષપાન કરવાથી તેમના શરીરની ગરમી વધવા લાગી હતી. આ વિષની અસર ઓછી કરવા માટે દેવી દેવતાઓએ તેમના પર જળાભિષેક કર્યો હતો.જેના કારણે શ્રાવણ માસમાં શિવલિંગ પર અભિષેક કરવાની પરંપરા છે.

આ માસનો સૌથી મોટો તહેવાર એટલે જન્માષ્ટમી. આખો શ્રાવણ માસ ભગવાન શિવનો અને જન્માષ્ટમી એટલે સુંદર શ્યામ શ્રીકૃષ્ણનો જન્મ દિવસ. ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ જન્માષ્ટમીની ઉજવણી બે દિવસ થાય છે. એક જન્માષ્ટમીનો દિવસ અને બીજે દિવસે ''પારણા'' તરીકે ઉજવાય છે. જન્માષ્ટમીની મધ્યરાત્રીએ બાર વાગે ''હાથી ઘોડા પાલકી જય કનૈયાલાલકી''ના નાથ સાથે શ્રીકૃષ્ણ જન્મોત્સવ ખૂબ જ ઉત્સાહભેર ઉજવવામાં આવે છે. આમ શિવભક્તો હોય કે પછી કૃષ્ણ ભક્તો,વિષ્ણુ ભક્તો હોય કે શક્તિ પૂજકો બધા માટે શ્રાવણ મહિનો મહત્વનો છે. આ રીતે આખો શ્રાવણ માસ ભગવાન શિવની ભક્તિ અને આરાધના કરવામાં આવે છે. દેવી ભાગવત અને સ્કંદપુરાણમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે શ્રાવણ માસના મંગળવારે દેવી દુર્ગાની વિશેષ પૂજા કરવામાં આવે છે. આ સાથે હનુમાનજીનો અભિષેક અને પૂજા અર્ચના પણ કરવામાં આવે છે. પર્વો અને તહેવારો આપણા સમાજના સામૂહિક હર્ષોલ્લાસનું પ્રતીક છે.

શ્રાવણ મહિનો આપણને પ્રકૃતિની નજીક લાવે છે. ચોમાસાની ઋતુ હોવાથી ધરતી પર ચારે બાજુ હરિયાળી છવાય જાય છે. શ્રાવણ માસ પ્રકૃતિના ચક્ર સાથે જોડાયેલો છે.આ મહિનામાં વર્ષાનું આગમન થતા વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિનું પુનર્જીવન થાય છે. શ્રાવણ માસ આપણને પવિત્રતા, સંયમ અને પરોપકારનો સંદેશ આપે છે. ભગવાન શિવે જેમ વિષ પી ને સંસારને બચાવ્યો. તેમ આપણે આપણામાં રહેલા કામ,ક્રોધ અને લોભનો ત્યાગ કરવો જોઈએ.

આમ શ્રાવણ માસ એટલે વિષ પી ને સંસારને બચાવનાર શિવજીનો આભાર વ્યક્ત કરવાનો મહિનો..

સૌને પવિત્ર શ્રાવણ માસની શુભકામનાઓ..

''હર હર મહાદેવ''

# ડીપ સ્ટેટનું લક્ષ્ય ગઝવા-એ-હિંદને અમલમાં મૂકવાનું છે

## યુક્રેન-રશિયા જેવા લાંબા યુદ્ધમાં ભારતને ફસાવાનો પ્રયાસ કરશે

બાબુભાઈ આર. મિસ્ત્રી.

મોદીજી એક એવી વ્યક્તિ જેણે પોતાના અંગત જીવનને બાજુ પર રાખીને, દેશવાસીઓના સત્ય, પ્રામાણિકતા અને સુખ સુવિધાઓ માટે દિવસ રાત મહેનત કરી અને માત્ર ૧૨ વર્ષમાં દેશનો નકશો બદલી નાખ્યો, જેની પ્રશંસા દરેક પ્રામાણિક વ્યક્તિ, પછી ભલે તે દેશનો હોય કે વિદેશનો, કરી રહ્યો છે અને એ સ્પષ્ટ છે કે મોદીજીએ ભારતનું એવું ચિત્ર બનાવ્યું છે જેની પ્રશંસા સદીઓ સુધી કરવામાં આવશે. મોદીજીએ ૭૦ વર્ષમાં કોઈ અન્ય પક્ષ સ્પર્શી ન શક્યું તે દરેક કાર્ય પૂર્ણ કર્યું છે એટલું જ નહીં, પરંતુ દેશ અને દેશવાસીઓને નવી ઊંચાઈઓ પર સમર્પિત કરીને, તેમણે દેશનું ગૌરવ વધાર્યું છે અને સમગ્ર વિશ્વને વિચારવા માટે મજબૂર કર્યું છે. આજે આખી દુનિયા મોદીજીને ટેકો આપી રહી છે અને દેશના આ દુશ્મનો તેમની નાપાક યુક્તિઓથી પાછળ નથી હટતા. મોદી અટલે મળદામાથી મત મેળવવાની કળા, જેમ કે ૨૦૦૨ના ગોધરાકાંડ પછી આ વ્યક્તિનો આશ્ચર્યજનક વિજય. અમેરિકાને જેટલો ખતરો હિટલરથી હતો એનાથી અનેક ગણો ખતરો આ વ્યક્તિથી છે. કેમ કે હિટલરની ખબર હતી કે તે આપણો દુશ્મન છે પણ મોદી અમેરિકાની આંખમા ધુળ નાખવામા સફળ થયા છે.



આ બિલકુલ સાચું છે. ઓપરેશન ૩૭, અને ડીપ સ્ટેટ, મોદી સરકારને ઉથલાવી પાડવાનું શરૂ કરી ચૂક્યું છે. US રાષ્ટ્રપતિએ CIA અને ડીપ સ્ટેટને મોદીને હટાવવા માટે ૧૨ મહિનાનો સમય આપ્યો છે. તમે જગદીપ ધનખર સાથે આનું ઉદાહરણ પહેલેથી જ જોયું હશે. તેમનો ધ્યેય ઓછામાં ઓછા ૩૭ ભાજપના સાંસદોને વિભાજીત કરીને ભાજપને વિભાજીત કરવાનો હતો. ક્યારેક ટેરિફના નામે, ક્યારેક અનામતના નામે, ક્યારેક ખેડૂત નેતાઓ દ્વારા, અને જાતિવાદી અને ધાર્મિક વિરોધને ઉશ્કેરીને સરકારને ઉથલાવી પાડવાનો, બાંગ્લાદેશ શૈલીની અરાજકતા ઊભી કરવાનો હતો.

બીજું ઉદાહરણ, દક્ષિણ અને મહારાષ્ટ્રમાં હિન્દી વિરોધ પ્રદર્શનો, અને કેટલાક નેતાઓ દ્વારા જન્માષ્ટમી પર ગૌમાંસ ખાવાની ઘોષણાની જાહેરાત.

આગામી વડા પ્રધાન કોણ હશે? અમિત શાહ કે યોગી? એ પ્રશ્ન દેશના હિન્દુઓને વિભાજીત કરવા માટે ઉઠાવવામાં આવશે. વધુમાં, તે પાકિસ્તાનને ઉશ્કેરીને અને યુક્રેન-રશિયા જેવા લાંબા યુદ્ધમાં ભારતને ફસાવીને અર્થતંત્રનો નાશ કરવાનો પણ પ્રયાસ કરશે. એ વાત ચોક્કસ છે કે જો વિપક્ષ, ડીપ સ્ટેટ અને ટ્રમ્પ ૧૨ મહિનામાં મોદીને ઉથલાવી પાડવામાં નિષ્ફળ જાય, તો તેઓ મોદી પર ઘાતક હુમલો કરવામાં અચકાશે નહીં, કારણ કે ભારતની પ્રગતિ અમેરિકાના પતન તરફ દોરી રહી છે. આજે, અમેરિકા સૌથી વધુ દેવાદાર દેશ છે અને તે ભારતને પ્રગતિ કરતો જોવા માંગતો નથી. સરકાર અને નેતૃત્વમાં રહેલા લોકો માટે પ્રામાણિકતાની નૈતિક શક્તિ ખૂબ જ જરૂરી છે. વિપક્ષ અને કોર્ટના ન્યાયાધીશો પાસેથી પણ પ્રામાણિકતાની ખૂબ જ જરૂરી છે.

અમેરિકા ઇચ્છે છે કે ભારત હારે. કેનેડા/ખાલિસ્તાનીઓ

ઇચ્છે છે કે ભારત હારે. યુરોપ ઇચ્છે છે કે ભારત હારે. બ્રિટન, તુર્કી વગેરે ઇચ્છે છે કે ભારત હારે. પાકિસ્તાન ઇચ્છે છે કે ભાજપ હારે. ચીન ઇચ્છે છે કે ભાજપ હારે. શસ્ત્ર લોબી ઇચ્છે છે કે ભાજપ હારે. ડ્રગ લોબી ઇચ્છે છે કે ભાજપ હારે. કટ્ટરપંથી ઇસ્લામવાદીઓ ઇચ્છે છે કે ભાજપ હારે. રાષ્ટ્રવિરોધીઓ ઇચ્છે છે કે ભાજપ હારે. મિશનરીઓ ઇચ્છે છે કે ભાજપ હારે. ડાબેરીઓ ઇચ્છે છે કે ભાજપ હારે. મુસ્લિમો ઇચ્છે છે કે ભાજપ હારે.

શક્તિશાળી વિદેશી દેશો ઇચ્છે છે કે ભારત હારી જાય કારણ કે ભારત તેમના શસ્ત્ર નિકાસ બજાર અને ઉત્પાદન આધારને ખાઈ રહ્યું છે.

તેઓ ઇચ્છતા નથી કે ભારતીય સંરક્ષણ આયાત સ્વતંત્ર રહે.

તેઓ કેન્દ્રમાં એક કઠપૂતળી સરકાર ઇચ્છે છે જેને તેઓ નિયંત્રિત કરી શકે.

ભારતીય વિપક્ષ ઇચ્છે છે કે ભાજપ હારી જાય કારણ કે ભાજપે પોતાનું વચન પૂરું કર્યું

મોદી સાહેબ અમે તમારા લાંબા કાર્યકાળ અને રાષ્ટ્ર પ્રત્યેની તમારી સેવાનો આદર કરીએ છીએ. તમારા નેતૃત્વ હેઠળ, દેશે ઘણા ઐતિહાસિક સીમાચિહ્નો પાર કર્યા છે. હજુ પણ તમે કરશો જ:

રામ મંદિર. કલમ ૩૭૦. CAA/NRC. નવી શિક્ષણ નીતિ. કલમ ૩૭૦. મજબૂત સંરક્ષણ. NGO પર પ્રતિબંધ. નક્સલવાદીઓ પર પ્રતિબંધ. મિશનરીઓ પર પ્રતિબંધ. પત્રકારોને મફત ભેટો બંધ કરી. નકલી PAN અને આધાર કાર્ડનો ઉપયોગ કરતા રાજકારણીઓ, નોકરશાહોને રોકડ, સબસિડી બંધ કરી. પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા. કોરોના રસીકરણ. કાશી કોરિડોર. અવકાશ જીતી લીધું. ગુલામીના નિશાન ભૂંસી નાખ્યા. ઈન્ફ્રાસ્ટ્રક્ચર. IITS. AIIMS. મંત્રી સ્તરે શૂન્ય ભ્રષ્ટાચાર. GST. નોટબંધી. શૂન્ય બોમ્બ વિસ્ફોટ. કાશ્મીરમાં શાંતિ. મોબાઇલ ઉત્પાદનમાં બીજા ક્રમે. રેલ્વેનું ૧૦૦ % વીજળીકરણ. રેલ્વે ફાટકોનો સંપૂર્ણ વિનાશ. વંદે ભારત ટ્રેન. એક પણ ગોળી ચલાવ્યા વિના પાકિસ્તાનનો નાશ કર્યો. ચીનને નિયંત્રણમાં રાખો. દરેક ઘરમાં પાણી. આયુષ્માન ભારત હેઠળ તબીબી વીમો. વરિષ્ઠ નાગરિકો માટે ચાર ધામ યાત્રા.

અને ભાજપ દેશ વેચશે નહીં. ભાજપ ચીન સાથે ગુપ્ત સોદા કરશે નહીં. ભાજપ પાકિસ્તાન પ્રત્યે નરમ નહીં રહે. આપણે ખાતરી કરવી જોઈએ કે ભાજપ જો વારંવાર જીતે તોઃ ૨૦૨૪ ભાજપ. ૨૦૨૯ હા, ફક્ત ભાજપ. ૨૦૩૪ ભાજપ અને આગળ પણ.. જો પેટ્રોલ મોંઘુ થશે, તો તે સસ્તુ થશે. જો તમને નોકરી ન મળી હોય, તો તમને તક મળશે. જો તમારું ઘર કાચું હશે, તો તે પાકુ બનશે. જો રસ્તા નહીં હોય, તો તે બનશે. જો પાણી નહીં હોય, તો તે આવશે.

પરંતુ એક વાર ભારત અફઘાનિસ્તાન, સીરિયા, પાકિસ્તાન બની જશે, તો તે ફરી ક્યારેય ભારત નહીં બને. આ હિન્દુઓની છેલ્લી પેઢી છે જેમને હિન્દુત્વ માટે લડવાની તક મળી રહી છે. જો આપણે હારી જઈશું, તો આવનારી પેઢી ફક્ત ભાગી જવાની તક જ શોધશે.

લખી લો. જો હિન્દુઓ એક થાય તો જ મજબૂત ભારત શક્ય બનશે. આને ધ્યાનથી વાંચો, મનન કરો, તેના વિશે વિચારો, અને એકતા લાવો.

નિષ્કર્ષઃ કોંગ્રેસ, ટીએમસી, બાંગ્લાદેશી, રોહિંગ્યા, વિદેશી ઘૂસણખોરો જે આસામ, ત્રિપુરા, પશ્ચિમ બંગાળ અને સમગ્ર ભારતમાં ફેલાયેલા છે તેમને મુક્ત કરવા જોઈએ અને તે ઘૂસણખોરોને દેશમાંથી હાંકી કાઢવા જોઈએ. મમતા બેનર્જી, અભિષેક બેનર્જી, અખિલેશ યાદવ, રાહુલ ગાંધી, કોંગ્રેસીઓ અને વિપક્ષી સભ્યો જે રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ છે તેમને રાજદ્રોહના આરોપસર જેલમાં ધકેલી દેવા જોઈએ. વાંગચુક અને તેમાં સામેલ લોકોને જેલમાં ધકેલી દેવા જોઈએ. એકવાર ભારતનું અફઘાનિસ્તાન સીરિયા, પાકિસ્તાન બની જશે, તો તે ફરી ક્યારેય ભારત નહીં બને. આ વખતે ૧૫ ઓગસ્ટે એવુ પણ બની શકે કે મોદીને લાલ કિલ્લા પર ચઢવા નહીં દેવાય, પણ ત્યાં ખાલિસ્તાનનો ધ્વજ ફરકાવશે.

પોલીસ અને વહીવટીતંત્રનું આયોજન વધુ કડક હોવું જોઈતું હતું. ત્યાં ફક્ત થોડા જ વિદ્યાર્થીઓ હાજર હતા, કોઈ વિદ્યાર્થી મુદ્દા ઉઠાવવામાં આવ્યા ન હતા, રાષ્ટ્રવિરોધી સૂત્રોચ્ચાર કરવામાં આવી રહ્યા હતા, અને હિન્દુ વિરોધી લાગણીઓ ભડકાવવામાં આવી રહી હતી. પ્રદર્શનકારીઓના ઇરાદા વિશે સંપૂર્ણ સત્ય બહાર આવ્યું છે તે સારું છે. આ પ્રદર્શનકારીઓ સાથે હવે ખૂબ જ કડક કાર્યવાહી થવી જોઈએ.

અને છેલ્લે...

મોદી એક નામ નથી, તે ૧.૪ અબજ સપનાઓની ગર્જના છે.

મોદી એ એક ચિનગારી છે, જે સૂતેલા ભારતને જગાડે છે.

મોદી એ એક એવો ઈરાદો છે, જે દુશ્મનોની ઊંઘ હરામ કરે છે.

મોદી એ એક એવો વિશ્વાસ છે, જે દરેક હૃદયમાં આત્મવિશ્વાસ જગાડે છે.

મોદી એ એક એવો સંકલ્પ છે, જે અશક્યને શક્ય બનાવે છે.

મોદી એ એક એવું નેતૃત્વ છે, જે કટોકટીના સમયમાં પણ ટકી રહે છે.

મોદી એ એક એવો અવાજ છે, જે વિશ્વ મંચ પર ભારતની ઓળખ બને છે.

અને યાદ રાખો...

જ્યારે નેતૃત્વ મજબૂત હોય છે, ત્યારે દેશ અજેય બની જાય છે.

હું શ્રીરામનો વંશજ છું.

**બાબુભાઈ આર. મિસ્ત્રી.**
**વિશ્વકર્મા એજ્યુકેશનલ ટ્રસ્ટ, વલસાડ**
**(૯૮૨૫૧૨૧૦૮૭)**
**તાઃ ૩૦-૦૭-૨૦૨૬.**

# બાળકોને દુનિયાથી બચાવવા નહીં, દુનિયા માટે તૈયાર કરવા



એક સમય હતો જ્યારે બાળકની દુનિયા ખૂબ નાની હતી. ઘર, શાળા, પડોશ અને થોડાક મિત્રો-આટલું જ તેનું વિશ્વ હતું. તેના વિચારો પર સૌથી મોટો પ્રભાવ પરિવારનો હતો. દાદા-દાદીની વાર્તાઓ, માતા-પિતાના સંસ્કારો અને શિક્ષકોના માર્ગદર્શન વચ્ચે તેનું વ્યક્તિત્વ ધીમે ધીમે ઘડાતું હતું.

આજે સમય બદલાઈ ગયો છે.

હવે બાળકના રૂમમાં બેઠા બેઠા આખી દુનિયા પ્રવેશી શકે છે. મોબાઇલની એક સ્ક્રીન પર હજારો વિચારો, લાખો લોકો અને અસંખ્ય જીવનશૈલીઓ તેની સામે હાજર છે. કોણ સાચું અને કોણ ખોટું... કોણ પ્રેરણા અને કોણ પ્રલોભન... આ ભેદ કરવાની ક્ષમતા હજુ વિકસી પણ નથી ત્યાં જ બાળક સતત પ્રભાવોના વંટોળમાં જીવવા લાગે છે.

એટલા માટે આજે લગભગ દરેક માતા-પિતાના મનમાં એક જ ચિંતા છે-

**“આટલા બધા નકારાત્મક પ્રભાવ વચ્ચે મારા બાળકને કેવી રીતે સુરક્ષિત રાખું?”**

આ પ્રશ્ન સ્વાભાવિક છે, પરંતુ કદાચ આપણે તેનો જવાબ ખોટી જગ્યાએ શોધી રહ્યા છીએ.

ઘણા પરિવારોમાં ઉકેલ તરીકે નિયંત્રણ વધવા લાગે છે. બાળકનો મોબાઇલ તપાસવામાં આવે છે. મિત્રોની પસંદગી પર શંકા કરવામાં આવે છે, દરેક નિર્ણયમાં દખલ કરવામાં આવે છે અને ‘‘ના’’ શબ્દ ઘરમાં સૌથી વધુ સાંભળવા મળે છે. માતા-પિતાને લાગે છે કે જેટલું વધુ નિયંત્રણ રાખીશું, એટલું બાળક સુરક્ષિત રહેશે.

પરંતુ અહીં એક ગંભીર પ્રશ્ન ઉભો થાય છે.

**શું બાળક ખરેખર સુરક્ષિત છે કે માત્ર દેખરેખ હેઠળ છે?**




**રૂપલ વડગામા**
certified parenting
Life coach and
career counsellor
**મો. ૯૪૨૮૧ ૫૮૦૯૪**


આ બે વચ્ચેનો તફાવત સમજવો જરૂરી છે.

દેખરેખ ત્યાં સુધી જ કામ કરે છે જ્યાં સુધી માતા-પિતા હાજર હોય. પરંતુ ચારિત્ર્ય ત્યાં કામ કરે છે જ્યાં કોઈ જોતું ન હોય. જીવનમાં એવો સમય તો આવવાનો જ છે જ્યારે બાળક હોસ્ટેલમાં હશે, નોકરી પર જશે, મિત્રો સાથે બહાર જશે અથવા ડિજિટલ દુનિયામાં એકલો નિર્ણય લેશે. એ સમયે માતા-પિતાનું નિયંત્રણ નહીં, પરંતુ તેમના દ્વારા વાવેલા મૂલ્યો તેની સાથે હશે.

અહીંથી જ સાચા પેરેન્ટિંગની શરૂઆત થાય છે.

આધુનિક મનોચિકિત્સામાં એક ખૂબ મહત્વનો સિદ્ધાંત છે-Attachment Theory. તેનો સાર એટલો જ છે કે જે બાળક પોતાના માતા-પિતા સાથે ભાવનાત્મક રીતે જોડાયેલું હોય, તેને બહારની દુનિયામાં ખોટી જગ્યાએ સ્વીકાર શોધવાની જરૂર ઓછી પડે છે. જેને ઘરમાં સાંભળવામાં આવે છે, તે બહાર ખોટા અવાજોથી સહેલાઈથી પ્રભાવિત થતો નથી.

આ જ વાત વિશ્વવિખ્યાત Harvard Center on the Developing Childના અનેક અભ્યાસોમાં પણ

જોવા મળે છે. બાળકના મગજનો વિકાસ માત્ર શિક્ષણથી થતો નથીઃ સુરક્ષિત સંબંધો, વિશ્વાસ અને લાગણીસભર વાતાવરણ તેના નિર્ણય લેવાની ક્ષમતા, આત્મનિયંત્રણ અને આત્મવિશ્વાસને પણ ઘડે છે.

**એટલે જ પ્રશ્ન મોબાઈલનો નથી.**

**પ્રશ્ન મિત્રમંડળનો પણ નથી.**

**પ્રશ્ન એ છે કે બાળકનું આંતરિક વ્યક્તિત્વ કેટલું મજબૂત છે.**

**જો મૂળ મજબૂત હોય તો પવન વૃક્ષને ઝુકાવી શકે, ઉખાડી શકતો નથી.**

આપણા ભારતીય પરિવારોની સૌથી મોટી તાકાત સંબંધો રહી છે. પરંતુ છેલ્લા બે દાયકામાં જીવનની ગતિ વધી છે. માતા-પિતા બાળકો માટે સુવિધાઓ વધુ ઊભી કરી રહ્યા છે, પરંતુ ઘણી વાર સમય ઓછો આપી રહ્યા છે. રમકડાં વધ્યાં છે, પરંતુ સંવાદ ઘટ્યો છે. માહિતી વધી છે, પરંતુ મૂલ્યો વિશેની ચર્ચા ઘટી છે.



કદાચ એ જ કારણ છે કે આજે ઘણા બાળકોને બધું મળ્યું છે, છતાં અંદરથી તેઓ સ્વીકૃતિ, ઓળખ અને ભાવનાત્મક સુરક્ષા શોધી રહ્યા છે.

**બાળકને ખરાબ સંગત કરતાં પણ વધુ ખતરનાક છે-ખાલીપણું.**

કારણ કે અંદર ખાલીપો હોય ત્યારે બહારનો કોઈપણ અવાજ સાચો લાગવા લાગે છે.

તો પછી ઉકેલ શું?

**શું બાળકોને દુનિયાથી દૂર રાખી શકાય?**

**ના.**

દુનિયાના દરવાજા બંધ કરવું હવે શક્ય નથી. પરંતુ બાળકના અંતરમાં એવી સમજ, આત્મવિશ્વાસ અને મૂલ્યો જરૂર કેળવી શકાય કે જ્યાં કોઈ દેખરેખ ન હોય ત્યાં પણ તે યોગ્ય નિર્ણય લઈ શકે.

તે માટે દરેક માતા-પિતાએ છ સરળ, પરંતુ જીવન બદલાવી શકે એવા સિદ્ધાંતો સમજવાની જરૂર છે.

**૧. સંબંધ-બાળકનું સૌથી મજબૂત સુરક્ષા કવચ**

દરેક બાળકને જીવનમાં બે વસ્તુઓની સૌથી વધુ જરૂર હોય છે-પ્રેમ અને સ્વીકાર. જ્યારે બાળકને વિશ્વાસ હોય કે ''ભૂલ થઈ જશે તો પણ મારા માતા-પિતા મને સમજવાનો પ્રયત્ન કરશે.'' ત્યારે તે પોતાની મુશ્કેલીઓ છુપાવતો નથી.

આજે ઘણા માતા-પિતા બાળકો માટે બધું ખરીદી આપે છે, પરંતુ ઘણા બાળકોને હજુ પણ એક જ ફરિયાદ હોય છે- ''મારી વાત કોઈ સાંભળતું નથી.''

બાળકને દરરોજ કલાકો આપવાની જરૂર નથી. દિવસની પંદર મિનિટ પણ પૂરતી છે. જો તે સમય મોબાઈલ વગર, ઉતાવળ વગર અને સંપૂર્ણ હાજરી સાથે પસાર કરવામાં આવે. ઘણી વખત બાળકોને સલાહની નહીં, માત્ર કોઈ તેમને સમજશે એવી લાગણીની જરૂર હોય છે.

**૨. બાળક તમારા શબ્દો નહીં, તમારૂં જીવન વાંચે છે**

મનોચિકિત્સક અલ્બર્ટ બાન્ડુરાએ કહ્યું હતું કે બાળકોનું સૌથી મોટું શિક્ષણ નિરીક્ષણ છે. એટલે જ માતા-પિતા બાળકના પ્રથમ અને સૌથી અસરકારક રોલ મોડેલ છે.

જો આપણે ઘરે સતત ગુસ્સામાં વાત કરીએ, સંબંધોમાં અપમાન રાખીએ, આખો દિવસ મોબાઈલમાં વ્યસ્ત રહીએ અને પછી બાળક પાસેથી શાંતિ, શિસ્ત અને સંયમની અપેક્ષા રાખીએ, તો તે વિરોધાભાસ છે.

બાળકને સંસ્કાર શીખવાતા નથી. જીવાતા હોય છે.

આપણે જે જીવીએ છીએ, તે જ બાળકનું આવતીકાલ બને છે.

**૩. દરેક પ્રશ્નનો જવાબ ન આપોઃ વિચારવાની દિશા આપો**

સારા માતા-પિતાનું કામ દરેક નિર્ણય લેવાનું નથી; બાળકને યોગ્ય નિર્ણય લેતા શીખવવાનું છે.

જીવનમાં એવી અસંખ્ય પરિસ્થિતિઓ આવશે જ્યાં માતા-પિતા તેની સાથે નહીં હોય. ત્યારે તેને અંદરથી જ અવાજ આવવો જોઈએ-

''શું આ મારા મૂલ્યો સાથે મેળ ખાય છે?''

બાળકને પ્રશ્ન પૂછવાની ચર્ચા કરવાની અને મત વ્યક્ત કરવાની તક આપો. જ્યારે બાળકો વિચારતા શીખે છે, ત્યારે તેઓ ભીડનો ભાગ નહીં, પોતાના વ્યક્તિત્વના માલિક બને છે.

આજના યુગમાં માહિતી સરળતાથી મળે છે, પરંતુ વિવેક હજુ પણ પરિવાર જ શીખવે છે.

**૪. આત્મસન્માન-ખોટા પ્રભાવ સામેનું અદશ્ય કવચ**

ઘણા બાળકો ખોટા રસ્તે એટલા માટે જતા નથી કે તેમને સાચું-ખોટું ખબર નથી. તેઓ ત્યાં જાય છે કારણ કે તેઓ ક્યાંક સ્વીકાર શોધી રહ્યા હોય છે.

જો ઘરમાં બાળકની ઓળખ માત્ર માર્કશીટથી થાય, તો તે પોતાનું મૂલ્ય બીજાની પ્રશંસામાં શોધવા લાગે છે.

તેના બદલે બાળકની પ્રામાણિકતા, મહેનત, દયાળુ સ્વભાવ,

જવાબદારી અને સારા નિર્ણયોની પણ પ્રશંસા કરો.

જે બાળક પોતાનું મૂલ્ય જાણે છે, તે કોઈ મિત્રના દબાણમાં પોતાની ઓળખ વેચતો નથી.

**૫. મિત્રો અને ડિજિટલ દુનિયા પર પ્રતિબંધ નહીં, માર્ગદર્શન આપો**

સોશિયલ મીડિયા આજની વાસ્તવિકતા છે. તેને સંપૂર્ણપણે દૂર કરવું શક્ય નથી. પરંતુ તેના પ્રત્યે યોગ્ય દૃષ્ટિકોણ વિકસાવવો શક્ય છે.

બાળકના મિત્રો વિશે જાણો, પરંતુ તપાસકર્તા બનીને નહીં; વિશ્વાસપાત્ર સાથી બનીને.

તેને શીખવો કે દરેક વાયરલ વિડિયો સત્ય નથી, દરેક લોકપ્રિય વ્યક્તિ આદર્શ નથી અને દરેક ટ્રેન્ડ અનુસરવા જેવો નથી.

ડિજિટલ યુગમાં સૌથી મોટી કુશળતા ટેક્નોલોજી ચલાવવી નથીઃ ટેક્નોલોજીને સમજદારીથી વાપરવી છે.

**૬. ખુલ્લો સંવાદ-દરેક સમસ્યાનો પ્રથમ ઉપચાર**

ઘણા બાળકો પોતાની ભૂલ કરતાં વધુ માતા-પિતાની પ્રતિક્રિયાથી ડરે છે.

જ્યાં દરેક વાતનો જવાબ ગુસ્સો હોય છે, ત્યાં સત્ય ધીમે ધીમે મરી જાય છે.

જ્યાં સંવાદ જીવંત રહે છે, ત્યાં વિશ્વાસ જન્મે છે.

બાળક સાથે એવી જગ્યા બનાવો જ્યાં તે સફળતા જ નહીં. પોતાની ભૂલો પણ નિર્ભયતાથી કહી શકે.

કારણ કે જે બાળક ઘરે સત્ય બોલવાની હિંમત રાખે છે, તેને બહાર ખોટું જીવવાની જરૂર પડતી નથી.

**અંતિમ શબ્દ**

આપણે આપણા બાળકો માટે આખી દુનિયા બદલી શકતા નથી.

પરંતુ આપણે એવા બાળકો જરૂર ઘડી શકીએ છીએ, જે દુનિયાની વચ્ચે રહીને પણ પોતાના મૂલ્યોને સાચવી શકે.

સાચું પેરેન્ટિંગ બાળકની દરેક મુશ્કેલી દૂર કરવામાં નથી; તેને દરેક મુશ્કેલીનો સમજદારીથી સામનો કરી શકે એવો બનાવવામાં છે.

યાદ રાખો...

બાળકને વારંવાર બચાવશો તો તે તમારી ઉપર નિર્ભર બનશે.

બાળકને વિચારતા શીખવશો તો તે જીવનભર પોતાના મૂલ્યો પર નિર્ભર રહેશે.

આવતી પેઢીને આપણે સૌથી મોટી ભેટ મોંઘું શિક્ષણ, આધુનિક સાધનો કે અનંત સુવિધાઓ નહીં આપી શકીએ.

સૌથી મોટી ભેટ છે-એવું વ્યક્તિત્વ, જે એકાંતમાં પણ સાચું પસંદ કરે, દબાણમાં પણ મૂલ્યો ન છોડે અને ભીડમાં પણ પોતાની ઓળખ ગુમાવ્યા વગર જીવવાની હિંમત રાખે.

કદાચ પેરેન્ટિંગની સાચી સફળતા એ જ છે-

**બાળક આપણા કહેવા પ્રમાણે નહીં. પરંતુ પોતાના અંતરાત્માના અવાજ પ્રમાણે જીવવાનું શીખી જાય.**

**એ દિવસે આપણે બાળકને દુનિયાથી બચાવ્યું નહીં હોય...**

**પરંતુ દુનિયાની વચ્ચે મજબૂતીથી જીવવા માટે તૈયાર કર્યું હશે.**

## વૈદેહી ચંદ્રેશા આર્કિટેક બનશે





આણંદના વિમલભાઇ ચંદ્રેશાની પુત્રી વૈદેહી ચંદ્રેશાએ ધોરણ-૧૦ની પરીક્ષામાં ઉત્કૃષ્ટ સફળતા પ્રાપ્ત કરી છે. તેમણે Grade A2 સાથે P.R. 90.17 પ્રાપ્ત કર્યો છે. ખાસ કરીને સાયન્સ વિષયમાં ૧૦૦માંથી ૯૯ ગુણ મેળવી પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો છે.

તેમણે I. B. Patel English School, Vallabh Vidyanagarમાંથી ધોરણ-૧૦નો અભ્યાસ પૂર્ણ કર્યો છે. વૈદેહીના પિતા શ્રી વિમલભાઈ ચંદ્રેશા (B.E. Civil) સિવિલ એન્જિનિયર છે અને આણંદ તથા વલ્લભ વિદ્યાનગરમાં પોતાના કન્સ્ટ્રક્શન અને બિલ્ડર તરીકેનો સફળ વ્યવસાય કરે છે. માતા શ્રીમતી શ્વેતાબેન ચંદ્રેશા (M.Com.)એ રાજકોટમાં અભ્યાસ પૂર્ણ કર્યો છે અને હાલમાં ગૃહિણી છે. તેઓ શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ, રાજકોટના અધ્યક્ષ શ્રી અરવિંદભાઈ ગજ્જરના દિકરી છે. વૈદેહીએ ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં A Groupમાં પ્રવેશ મેળવ્યો છે. તેમનું સ્વપ્ન આર્કિટેક્ટ બની સર્જનાત્મકતા, આધુનિકતા અને ગુણવત્તાસભર નિર્માણ ક્ષેત્રમાં પોતાનું આગવું સ્થાન બનાવવાનું છે.

કુમારી વૈદેહીને તેમની આ શાનદાર સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન તથા ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ.

# આજના મોબાઇલ અને ટેકનોલોજીના યુગમાં માણસની બદલાયેલી જીવનશૈલી

જયંતીભાઇ નગેવાડીયા




આજે જે લોકો ૫૦-૬૦ કે વધુ ઉંમરના છે. તેમણે જુનો જમાનો જોયો છે અને તે લોકો જે તે વખતે કેવી રીતે રહેતાં તે સૌ જાણે છે. પરંતુ આજે તે જ લોકો જ કહે છે. આજની જીવનશૈલી જ બદલાઇ ગઇ છે. જો કે તેમાં વધારે પડતો હિસ્સો સોશ્યલ મીડિયા જેમ કે વોટસએપ, ફેસબુક, ઇન્સ્ટાગ્રામ જેવા ડિજીટલ માધ્યમો તેમજ નવી નવી ટેક્નોલોજીનાં સાધનો એ તો આજે લોકોની જીવનશૈલી બદલી નાખી છે.

આજે કોઇ સગા-સંબંધી કે મિત્રોને મળવા તેમના ઘરે બેસવા જવું હોય તો ફોન કરીને જ જવું પડે કે તમે ઘરે છો તે તો અમે આવીએ. જો કે સારી વાત છે કે સામેવાળાને કંઇ કામ હોય કે અગત્યનાં કામે જવાનું હોય તો તે ના કહી શકે અને જનારને પણ હવે શહેરના લાંબા પલ્લાવાળા વિસ્તારમાં ખોટો ધક્કો ન થાય.

હવે તો નાના મોટા પ્રસંગ જેમ કે જન્મદિવસની પાર્ટી, સગાઇ, લગ્ન, વાસ્તુ હોય તો આમંત્રણ કાર્ડ પણ વોટસએપમાં ડિજીટલ કાર્ડ મોકલી આપવામાં આવે છે અને પછી ફોન કરી આમંત્રણ આપી દેવામાં આવે છે. જો કે હવે એ સામાજીક રીતે માન્ય થઇ ગયું છે. હવે તો જુના જમાના લોકો પણ ઘોખા ઘરડા નથી કરતાં કે કંકોત્રી દેવા ન આવ્યો. જ્ઞાતિ, સમાજ કે સામાજીક સંસ્થાઓના કાર્યક્રમોની પત્રિકોઓ પણ જ્ઞાતિના વોટસએપ ગ્રુપ કે ફેસબુકમાં મુકી દેવામાં આવે છે. જેથી લાગતા વળગતા સૌને જાણ થઇ જાય.

**આજના ડીજીટલ યુગની સાથે રહેવું જોઇએ અને જીવવું જોઇએ**

શાળા કોલેજનાં વિદ્યાર્થીઓને પણ પરીક્ષા ફી કે કાર્યક્રમો કે અન્ય સુચનાઓ વાલીના મોબાઇલમાં અને કોલેજનાં વિદ્યાર્થીઓને તેમના મોબાઇલમાં મોકલવામાં આવે છે.

પહેલા પરિવારમાં કોઇનું અવસાન થાય તો સગા-સંબંધીમાં સ્મશાનયાત્રાની જાણકારી આપવા તેમના ઘરે જવું પડતું અને બેસણાની માહિતી છાપામાં અવસાન નોંધમાંથી જાણવા મળતી ત્યારે આજે સ્મશાનયાત્રા એન બેસણાની વિગત ફોટા સહિતની ઇમેજ મોબાઇલના અવસાન નોંધમાં મુકવામાં આવતા તુરત જ બધાને ખબર પડી જાય છે.

કોઇ અજાણ્યા સ્થળે જવું હોય તો સરનામે હોય તો પણ ગોતવું પડે. ત્યારે આજે કોઇ અજાણ્યા સ્થળે જવું હોય તો સામે વાળા પાસે મોબાઇલમાં લોકેશન મંગાવતા લોકેશનનાં આધારે નિર્ધારીત સ્થળે પહોંચી શકાય છે.

હવે તો કયાંય જવું હોય તો રીક્ષા બોલાવવી હોય કે ટેક્ષી બોલાવવી હોય તો 'ઓલો' જેવી ઘણી એપ્લીકેશનમાંથી લોકેશન નાખતા ઘરે કે જયાંથી જવું હોય તો ત્યાં રીક્ષા આવીને ઉભી રહી જાય છે. બોલાવા જવું પડતું નથી. એકલા જવું હોય તો બાઇકની સુવિધા પણ છે.

હવે ઘેર બેઠા શાકભાજી, કરીયાણું કે અન્ય વસ્તુ મંગાવવી હોય તો 'બ્લીંકીટ' જેવી એપ્લીકેશનમાં ઓર્ડર લખાવો એટલે થોડી મિનિટોમાં જ માણસ તમારે ઘેર મંગાવેલી વસ્તુ આપી જા છે. અને

સવારે સાંજે કે મોડી રાત્રે કોઇપણ હોટલ, રેસ્ટોરન્ટમાંથી નાસ્તો કે જમવાનું મંગાવ્યું હોય તો 'ઝોમેટો' જેવી એપ્લીકેશન થ્રુ ઓર્ડર લખાવો એટલે થોડીવારમાં જ તમે મંગાવેલ સ્થળ ઘર, ઓફિસ કે કારખાને તે આપી જાય છે.

પહેલા છાપુ મંગાવવું પડતું આજે મોટાભાગના છાપા પીડીએફના રૂપમાં ડિજીટલ રૂપમાં મોબાઇલમાં આપવા માંડયા છે. અમુક ડિજીટલ છાપાની ઇમેજ આખો દિવસ બ્રેકીંગ ન્યુઝના રૂપમાં વરસાદ, દુર્ઘટના, આગ, રાજકીય ઘટના જેવી બાબતો તુરંત જ ઇમેજ કે વિડિયોના રૂપમાં મોબાઇલમાં મુકવામાં આવે છે. તેથી થોડી મિનિટોમાં શહેર, દેશ અને દુનિયાની ઘટનાની તુરત જ જાણવા મળે છે.

વેપાર-ધંધામાં ઓર્ડર કે ધંધાને લગતી બાબતો જે તે પેઢીના વોટસએપમાં કે ઇમેઇલમાં મોકલવામાં આવે છે. તો માલ મોકલ્યાનું બીલ પણ સામે મોબાઇલમાં ઇ-મેઇલમાં મોકલવામાં આવે છે અને સામે પેમેન્ટ આરટીજીએસ કે ગુગલ-પે જેવા માધ્યમથી થવા માંડયા છે. તેમજ બજારમાં દશ-પંદર રૂપિયાથી માંડી પાંચ-દસ હજાર સુધીની ખરીદીનું ચુકવણું પણ મોબાઇલમાંથી ગુગલ-પેથી કરવામાં આવે છે.




હવે નાની-મોટી વસ્તુ કપડા, ડ્રેસ મટીરીયલ કે અન્ય વસ્તુ બહારગામથી મંગાવવી હોય તો ઓનલાઇન ઓર્ડર કરી મંગાવો એટલે એક-બે દિવસમાં તમારે ઘેર બેઠા મળી જાય છે. અમુક વસ્તુમાં તો વસ્તુ ન ગમે, ખરાબ હોય કે માપની ન હોય તો પાછી પણ મોકલી શકાય છે.

ટ્રેન કે બસ દ્વારા બહારગામ જવું હોય તો કયાં દિવસની ટિકિટ મળી શકે છે તે મોબાઇલમાંથી જાણી શકાય છે. ટ્રેન કે બસનું એડવાન્સ બુકીંગ કરાવવું હોય તો મોબાઇલમાંથી થઇ જાય છે અને ટ્રેન કે બસ કયાં પહોંચી તે મોબાઇલમાં લાઇવ જાણી શકાય છે.

મોબાઇલના વોટસએપના 'સ્ટેટસ'માં એનીવર્સરી, જન્મદિવસની શુભેચ્છા કે તમે કયાંય બહારગામ કે ફરવા ગયાં હોય તો ત્યાંના ફોટો-વીડિયો મુકી શકો છો તેથી તમારી સાથે મોબાઇલ નંબરથી જોડાયેલા લોકો તે જોઇ શકે છે અને તેમને જાણકારી મળે છે. બહેનો યુ-ટયુબ વધુ જુએ છે. રસોઇની રેસીપી, જુદી જુદી સાડી, ડ્રેસની દુકાનોની રીલ જોવે છે. પછી ખરીદી કરે છે. તો કોઇ જાણીતા કથાકારની કથા પણ ઘેર બેઠા લાઇવ જોવે છે. તો જાણીતા મંદિરનો લાઇવ આરતીના દર્શન પણ કરે છે. ભાઇઓ પણ પોતાના ધંધાને લગતી કે કારખાનેદારે મશીનરી, તેમના પ્રોડકટ કે ધંધાને લગતી યુ-ટયુબમાં જોવે છે. તેમજ ફેસબુકમાં મુકાતી પોસ્ટ જોવાથી પણ ઘણી માહિતી-જાણકારી મળે છે.

હવે તો ઘરમાં વોશીંગ મશીન પણ ઓટોમેટીક આવી ગયા છે. ટાઇમ સેટ કરીને કપડા ધોઇ નાખશે. ફ્રિજમાં કુલીંગ ઓટોમેટીક કંટ્રોલ કરે છે. પંખા પણ રીમોટવાળા આવી ગયા છે.

મોટી મોટી આઇટી કંપનીમાં તો કર્મચારીઓ ઓફિસે જવાને બદલે ઘરે બેઠા કોમ્પ્યુટર કે લેપટોપમાં વર્ક ફ્રોમ હોમના રૂપમાં ઘરે બેઠા કામ કરી શકે છે.

આજે સરકારી કામકાજમાં ઇન્કમટેક્સ, જીએસટી કે મિલકત વેરો કે અન્ય સરકારી ચુકવણા ઘરે બેઠા ઓનલાઇન ચુકવી શકાય છે. તો સરકારી કે પ્રાઇવેટ નોકરીની અરજી કે આધાર કાર્ડ, પાન કાર્ડ કે ડ્રાઇવીંગ લાયન્સ અંગેની અરજી કે સુધારા વધારા મોબાઇલમાં આંગળ ટેરવે થઇ શકે છે.

હવે તો શાકભાજીવાળા, ભંગારવાળા કે અન્ય વસ્તુ વેચવા આવતા ફેરીયા પણ બુમ પાડી રાડો પાડીને નથી બોલતા પરંતુ ઓટોમેટીક ચાર્જેબલ માઇકમાં પોતાનો અવાજ સેવ કરેલ હોય તે માઇકમાં વગાડી ફેરી કરે છે.

વોટસએપમાં કોઇને ટાઇપ કરીને મેસેજ મોકલવો હોય તો ટાઇપ કરવાનું ફાવતું ન હોય તો તમે બોલો અને ટાઇપ થઇ જાય તેવી વોઇસ ટાઇપીંગની સુવિધા પણ મોબાઇલમાં હોય છે. હવે તો એ.આઇ. આવ્યું છે તો તમારો ફોટો જુદા જુદા રૂપમાં બનાવવો હોય તો તમારો એક ફોટો મુકો અને એ.આઇ. તમે કહેલા જુદા જુદા રૂપના ફોટો તૈયાર કરી આપશે. તેમજ તમે કહો તે રૂપમાં જુદા જુદા રૂપમાં વિડીયો પણ બનાવી આપે છે. ગુજરાતી લખાણનું અંગ્રેજી અને અંગ્રેજીનું ગુજરાતીમાં ટ્રાન્સલેટ પણ કરી આપે છે. એ સિવાય એ.આઇ. તો ઘણું બધું કરી આપે છે.

તમારે કયાંય બહારગામ જવું હોય તો તે ગામ કેટલા કિલોમીટર દુર છે કયાં રસ્તે જવાય. ટ્રાફિક છે કે નહીં. જુદા જુદા રસ્તા સહિતની સુવિધા ગુગલમેપમાં સર્ચ કરતાં આપણી નજર સામે તુરંત આવી જાય છે.

આમ હવે જમાનો ડિજીટલ અને ટેકનોલોજીનો છે તેનો દરેકનો સાચો, સારો અને વિવેકપૂર્વક ઉપયોગ કરવામાં આવે તો સારું જ છે. આજે દરેક ક્ષેત્રમાં આધુનિકતા આવી ગઇ છે. આજના જમાનાની આ બધી સુવિધાથી માણસનું જીવન ખુબ જ સુખરૂપ, સુવિધાવાળું બની ગયું છે. આજના યુગમાં માણસની પહેલાના જમાના કરતા જીવનશૈલી સાવ બદલાઇ ગઇ છે. અને માણસે સમયની સાથે અને સમય પ્રમાણે રહેવું અને જીવવું પણ જોઇએ.

# રાજકોટની શ્રી જ્ઞાન સૌરભ સ્કુલની મુલાકાત લેતા શ્રી ધર્મીષ્ઠાબેન ગજજર











તાજેતરમાં રાજકોટ આવેલા ગુજરાત રાજયના બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષ શ્રી ધર્મીષ્ઠાબેન ગજજરે ઓમનગરમાં આવેલ શ્રી જ્ઞાન સૌરભ સ્કુલની મુલાકાત લીધી હતી.

ધર્મીષ્ઠાબેનનું આગમન થતા શાળાના બાળકોએ તેમના પર પુષ્પવૃષ્ટિ કરીને તેમજ કુમકુમ તીલક કરીને તેમનું સ્વાગત કર્યુ હતું. શ્રી ધર્મીષ્ઠાબેને બાળકોના કલાસરૂમમાં જઇને બાળકો સાથે વાર્તાલાપ કરીને બાળકોને સારા નાગરીક બનવા, ફુડ પેકેટને તીલાંજલી આપી ઘરનો બનાવેલો જ નાસ્તો સાથે લાવવાની શીખ આપવાની સાથે ફુડ પેકેટથી આરોગ્યને થતા નુકસાનની પણ માહિતી આપી હતી. ધર્મીષ્ઠાબેને બાળકો સાથે પ્રશ્નોતરી કરી હતી. ત્યારે બાળકોમાં નિહાળેલી તેજસ્વીતાની તેઓએ પ્રશંસા કરી હતી. સ્કુલ સંચાલક ખુશાલ પંચાસરા અને મુકેશ પંચાસરાએ શાળામાં ઉજવાતા ભારતીય તહેવારોની તેમજ શાળામાં અભ્યાસ સાથે બાળકોને વિવિધ પ્રવૃત્તિ દ્વારા અપાતા શિક્ષણ અંગેની માહિતી આપી હતી.

આ દિવસે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલનો જન્મદિવસ હોય ધર્મીષ્ઠાબેને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની કામગીરીની માહિતી આપી. બાળકો સાથે ‘હેપી બર્થ ડે ટુ સીએમ’ના નારા સાથે મુખ્યમંત્રીના જન્મદિનની ઉજવણી કરી હતી.

ધર્મીષ્ઠાબેન અષાઢી બીજની પૂર્વ સંધ્યાએ સ્કુલમાં આવ્યા હતા. તેથી ભગવાન જગન્નાથ સાથેના બાળકો દ્વારા નીર્મીત ચિત્રોથી સુશોભીત ડેકોરેશન નિહાળી બાળકોને અભિનંદન આપી બાળકો સાથે આરતી પણ કરી હતી. આ પ્રસંગે શ્રી ધર્મીષ્ઠાબેનનું સન્માન શ્રી મુકેશભાઇ પંચાસરા અને ખુશાલ પંચાસરોએ કર્યુ હતું. ધર્મીષ્ઠાબેનની સાથે આવેલા કમલેશભાઇ રાઠોડનું પણ સન્માન કરાયું હતું. શ્રી બીપીનભાઇ પંચાસરાએ ધર્મીષ્ઠાબેનને પુસ્તિકા અર્પણ કરી હતી.

આ શુભેચ્છા મુલાકાત સમયે જીએચપી ગ્રુપના પ્રમુખ યોગીન છનિયારા, પ્રિન્સીપાલ શ્રી બાવળીયા, જીએચપીના હીરેન કલોલીયા, ખુશાલ મહેમદાવાદીયા, પરેશ સુરેલીયા, અશ્વિન મહેમદાવાદીયા પણ ઉપસ્થિત રહયા હતા.

## માનવ જીવન માટે આશીર્વાદ પદ્ધતિ એટલે યોગ

# સૂર્ય નમસ્કાર : આરોગ્ય, શકિત અને શાંતિનો સરળ માર્ગ



- કિરણ એચ. બકરાણીયા
(મો. ૯૫૧૨૧૭૨૨૪૩)



બધા મિત્રોને કિરણના જય વિશ્વકર્મા. યોગમાં આજના અંકમાં આપણે સૂર્ય નમસ્કાર વિશે જાણીશું. સૂર્ય નમસ્કારને એક સંપૂર્ણ વ્યાયામ માનવામાં આવે છે. આપણા ઋષિ મુનિઓએ માનવ જીવનને ધ્યાનમાં રાખીને સૂર્ય નમસ્કારને દૈનિક જીવનમાં વર્ણવી લેવાની સલાહ આપી છે. આજના સમયમાં સૂર્ય નમસ્કાર સમગ્ર વિશ્વમાં લોકપ્રિય યોગાઅભ્યાસ છે.

સૂર્ય નમસ્કારએ યોગની એક પ્રાચીન અને સર્વાંગી કસરત છે. તેમાં ૧૨ અલગ અલગ આસનોનો ક્રમ હોય છે. સૂર્યને જીવન, ઉર્જા અને પ્રકાશનો સ્ત્રોત માનવામાં આવ છે. તેથી સૂર્યોદય સમયે સૂર્યનમસ્કાર કરવો સૌથી વધુ લાભદાયી ગણાય છે.

સૂર્ય નમસ્કાર શરીરના લગભગ બધા જ અંગોની કસરત થાય છે. શરીર લવચીક બને છે, સ્નાયુઓ મજબુત બને છે અને રકત પરિભ્રમણ સુધરે છે તે પાચન ક્રિયા સારી રાખે છે. વજન નિયંત્રિત કરવામાં મદદ કરે છે. અને રોગ પ્રતિકારક શકિતમાં વધારો કરે છે. નિયમિત અભ્યાસથી મન શાંત રહે છે. એકાગ્રતા વધે છે અને તણાવ ઓછો થાય છે.

સૂર્ય નમસ્કાર હંમેશા ખાલી પેટે અથવા ભોજન પછી ઓછામાં ઓછા ત્રણ કલાકના અંતરે કરવો જોઇએ. શરૂઆતમાં ધીમે ધીમે કરવો અને યોગ્ય માર્ગદર્શન હેઠળ તેનો અભ્યાસ કરવો જોઇએ.

આજના વ્યસ્ત જીવનમાં સૂર્ય નમસ્કાર સ્વસ્થ અને તંદુરસ્ત જીવન જીવવા માટે એક સરળ અસરકારક અને સંપૂર્ણ યોગાભ્યાસ છે. તેથી દરેક વ્યકિતએ તેને પોતાના દૈનિક જીવનનો એક ભાગ બનાવવો જોઇએ.

### સુર્યનમસ્કારના ૧૨(બાર) આસનોની માહિતી

**(૧) પ્રણામાસન :** સામાન્ય શ્વાસ બંને હાથ જોડીને સીધા ઉભા રહેવું બંને પગ ભેગા રાખી પ્રાર્થનાની સ્થિતિમાં રહેવુ મનને શાંત રાખવું.

**(૨) હસ્ત ઉતાનાસન :** શ્વાસ લેતા બંને હાથ માથા ઉપર લઇ જઇ શરીરને પાછળની તરફ સહેજ વાળવું બંને



**(૧) પ્રણામાસન**



**(૨) હસ્ત ઉતાનાસન**



**(૩) પાદહસ્તાસન**



**(૪) અશ્વસંચાલનાસન**



**(૫) દંડાસન**



**(૬) અષ્ટાંગ નમકસ્કાર**



**(૭) ભુંજગાસન**



**(૮) પર્વતાસન**



**(૯) અશ્વસંચાલનાસન**



**(૧૦) પાદહસ્તાસન**



**(૧૧) હસ્ત ઉતાનાસન**



**(૧૨) પ્રણામ આસન**

પગ વચ્ચે થોડુ અંતર રાખવું જેનાથી બેલેન્સ જળવાય રહે.

**(૩) પાદહસ્તાસન :** શ્વાસ છોડતા કમરથી આગળ વળી બંને હાથથી પગના પંજા અથવા જમીનને સ્પર્શ કરવાનો પ્રયત્ન કરવો.

**(૪) અશ્વસંચાલનાસન :** શ્વાસ લેતા જમણો પગ પાછળ લઇ જવો ડાબો પગ આગળ વાળેલો રાખવો અને માથું ઉપર રાખવું.

**(૫) દંડાસન :** શ્વાસ છોડો બંને પગ પાછળ લઇ જઇ શરીરને માથાથી એડી સુધી સીધી રેખામાં રાખવું.

**(૬) અષ્ટાંગ નમકસ્કાર :** (શ્વાસને રોકો થોડી ક્ષણ) ઘુંટણ, છાતી અને ડાઢી જમીનને સ્પર્શે તેવી સ્થિતિમાં આવવું જયારે કમરને સહેજ ઉપર રાખવી. શરીરના આઠ અંગે જમીનને સ્પર્શતા હોવાથી તેને અષ્ટાંગ નમસ્કાર કહેવાય છે.

**(૭) ભુંજગાસનઃ** શ્વાસ લો. શરીરના આગળના ભાગને ઉંચો ઉઠાવી. સાપના ફણાની જેમ સ્થિતિ બનાવવી.

**(૮) પર્વતાસન :** શ્વાસ છોડો. કમરને ઉપર ઉઠાવી શરીરને ઉંધા 'V' આકારમાં (Λ) રાખવું. હથેળી અને પગના તળીયા મેટને અડાડીને રાખવા.

**(૯) અશ્વસંચાલનાસન :** શ્વાસ લો. હવે જમણો પગ આગળ લાવી ડાબો પગ પાછળ રાખવો અને માથુ સીધુ રાખવું.

**(૧૦) પાદહસ્તાસન :** શ્વાસ છોડો. બંને પગ ભેગા કરી ફરી આગળ વળવું અને પગને સ્પર્શ કરવાનો પ્રયત્ન કરવો.

**(૧૧) હસ્ત ઉતાનાસન :** શ્વાસ લો. બંને હાથ પાછળ લઇ જઇ શરીરને સહેજ પાછળ વાળવું.

**(૧૨) પ્રણામ આસન :** શ્વાસ છોડો. અંતમાં ઉભા રહી બંને હાથ જોડી નમસ્કાર મુદ્રામાં આવવું.

- આ બધા આસનથી સૂર્ય નમસ્કારનું એક ચક્ર પૂર્ણ થાય છે.
- શ્વાસ હંમેશા નાક દ્વારા જ લેવો અને છોડવો.
- શ્વાસને જબરદસ્તી રોકવો નહીં તેમજ લેવો અને છોડવો નહીં.

યોગ્ય શ્વાસ સાથે સૂર્ય નમસ્કાર કરવાથી શરીર અને મન બંનને લાભ મળે છે. સૂર્યનમસ્કારમાં શરીરના લગભગ તમામ અંગોની કસરત આવે છે. નિયમિત અભ્યાસથી શરીર તંદૂરસ્ત, લવચીક અને મજબૂત બને છે.

# પુત્રના લગ્ન સાથે પ્રજાપતિ સમાજની ૫૧ દિકરીયુનો 'અમૃત સમુહ લગ્નોત્સવ' યોજશે પ્રફુલભાઈ નડીયાપરા

## પાંચ બ્રાહ્મણ અને પાંચ સમાજની દિકરી મળી કુલ ૬૧ નવદંપતિ લગ્નોત્સવમાં જોડાશે





સામાન્ય પ્રજાપતિ પરિવારમાં જન્મ લઈ સખત પરિશ્રમને જીવન મંત્ર માની જીવદયા અને સેવા ભાવને વરેલા પ્રજાપતિ શ્રી પ્રફુલભાઈ હિરાભાઈ નડિયાપરાએ પોતાના સંઘર્ષમય જીવનમાં શૂન્યમાંથી સર્જન કરી રાજકોટમાં એક સફળ પ્રતિષ્ઠિત બિલ્ડર તરીકે પોતાની આગવી ઓળખ ઉભી કરી છે.



શ્રીમાન પ્રફુલભાઈ હીરાભાઈ નડીયાપરા તથા તેમના ધર્મપત્ની શ્રીમતી નર્મદાબેન પ્રફુલભાઈ નડિયાપરા પોતાના પુત્ર ચિ.પાર્થના શુભ લગ્ન ચિ.ભાર્ગવી સાથે યોજવા જઈ રહ્યા છે ત્યારે આ મંગલ પ્રસંગને નડિયાપરા પરિવાર પોતાના પૂરતો સીમિત ન રાખતા સમસ્ત પ્રજાપતિ સમાજને ખુશીમાં સામેલ કરવા ઈચ્છે છે. આ શુભ લગ્ન પ્રસંગને યાદગાર અને ભવ્યાતિભવ્ય બનાવવા માટે નડિયાપરા પરિવાર દ્વારા એક સેવાભાવી અને ઐતિહાસિક સંકલ્પ કરવામાં આવ્યો છે પોતાના સુપુત્રના લગ્નની સાથે જ સમસ્ત પ્રજાપતિ સમાજની ૫૧ દીકરીઓના ''અમૃત સમુહ લગ્નોત્સવ'' તા. ૨૦/૦૧/૨૦૨૭ના રોજ યોજવામાં આવશે આ ઉપરાંત પાંચ દીકરીઓ બ્રાહ્મણ અને પાંચ દીકરીઓ સાધુ સમાજની એમ કુલ ૬૧ દીકરીઓના શુભ લગ્ન કરાવવાનો પરિવારે સંકલ્પ કર્યો છે.

આ ૬૧ દીકરીઓના લગ્નનો સંપૂર્ણ ખર્ચ નડીયાપરા પરિવાર દ્વારા ભોગવવામાં આવશે જે લગ્નની વિધિથી લઈને જીવન જરુરીયાતની વસ્તુઓ કરિયાવર કીટ સ્વરૂપે આપવામાં આવનાર છે સાથે જ્ઞાતિ સ્વરૂચિ ભોજન પણ રાખવામાં આવેલ છે.શ્રી પ્રફુલભાઈ નડિયાપરા દ્વારા આયોજિત આ ભવ્ય અને દિવ્ય ''અમૃત સમુહ લગ્નોત્સવ''ના સેવા યજ્ઞને સફળ બનાવવા માટે સમસ્ત પ્રજાપતિ સમાજ તેમજ રાજકોટના અગ્રણીઓ અને સમાજસેવકો શ્રી નીતિનભાઈ ઘાટલીયા, મનસુખભાઈ તલસાણીયાએ પોતાનો સંપૂર્ણ સાથ સહકાર આપવાની તૈયારી દર્શાવી છે તેઓએ જણાવ્યું હતું કે સી પ્રફુલભાઈ નડીયાપરા નું આ આયોજન માત્ર લગ્ન ઉત્સવ નથી પરંતુ સમાજસેવા એકતા અને માનવતાનુ ઉત્તમ ઉદાહરણ છે. ૬૧ દીકરીઓના હાથ પીળા કરવાનું તેમનો આ ઉમદા અને પ્રેરણાદાય સંકલ્પ સમગ્ર સમાજ માટે ગૌરવ અને અનુકર્ણીય છે.

આ સમુહ લગ્નમાં પ્રજાપતિ સમાજની કોઈપણ દીકરી જોડાઈ શકે છે કોઈ સીમાંકન નથી કોઈ છૂપો ચાર્જ નથી.

સમૂહ લગ્ન કાર્યાલયઃ-અમૃત હેરિટેજ વિલા બ્લોક નંબર ૨૯ કર્ણાવતી ઈન્ટરનેશનલ સ્કૂલ પાસે પ્રમુખસ્વામી પાર્કની બાજુમાં રેલનગર રાજકોટ સંપર્ક સુત્રોઃ-૯૮૨૫૪ ૯૭૯૧૭, ૭૮૭૪૩ ૪૪૧૯૮, ૯૪૨૮૨ ૦૧૪૦૭

# રાજકોટ મેવાડા સુતાર સમાજ ખાતે ઉજવાયો ૧૩૮ રવિ રાંદલ લોટા ઉત્સવ

## બપોર બાદ સત્યનારાયણ કથાનું પણ થયું આયોજન



પ્રવીણ ગજજર









રાજકોટના મવડી પ્લોટ વિસ્તારમાં ઉદયનગર ખાતે આવેલ શ્રી કાઠીયાવાડ મેવાડા સુથાર જ્ઞાતિની વાડી ખાતે મેવાડા સુતાર મહિલા મંડળ દ્વારા ૧૩૮ રવિ રાંદલ લોટા ઉત્સવની ભાવ અને ભકિતસભર વાતાવરણમાં ઉજવણી કરવામાં આવ્યું હતું. સવારે યજમાન દંપત્તિઓએ ભાવ અને ભકિતથી માં રવિ રાંદલનું શાસ્ત્રોકત વિધિથી પુજન અર્ચન કર્યું હતું. બાદમાં ગોરણીઓનું પુજન કરવામાં આવ્યું હતું. બાદમાં સૌએ સમુહપ્રસાદ ગ્રહણ કર્યો હતો. બપોરના સમયે ૧૦૦૦ જેટલા પરિવારજનોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. સાંજના સમયે સત્યનારાયણની કથાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેનો સમગ્ર સમાજે લાભ લીધો હતો.

મેનેજીંગ ટ્રસ્ટી મહેન્દ્રભાઇ ટી. વાડોદરીયા, ટ્રસ્ટીઓ અમૃતભાઇ પીપળીયા, હિતેશભાઇ બી. ધોરાજીયા, નરેન્દ્રભાઇ ડી. ગઢીયા, મેઘજીભાઇ એમ. ગૌતમી, પરેશભાઇ જી. ધોરાજીયા, મનીષભાઇ એચ. રાણપરીયા, પ્રમુખ ઇશ્વરભાઇ કે. ધોરાજીયા, ઉપપ્રમુખ મુકેશભાઇ ચાંદલીયા, મંત્રી જગદીશભાઇ રાણપરીયા, ખજાનચી દિલીપભાઇ ગૌતમી, સહમંત્રી રાકેશભાઇ ચુડાસમા, સહખજાનચી મનીષભાઇ પીપળીયા, સભ્યો કાંતિભાઇ વાડોદરીયા, નટવરભાઇ ગઢીયા, જયેશભાઇ શીશાંગીયા, હિતેશભાઇ ગૌતમી, દિનેશભાઇ ધોરાજીયા, ભુપતભાઇ પીપળીયા, પરેશભાઇ પી. ભારદ્વાજ, કમલેશભાઇ ભોલા, દિપકભાઇ ગૌતમી, પ્રશાંતભાઇ પીપળીયા, ભીખુભાઇ વાડોદરીયા તેમજ યુવક મંડળના પ્રમુખ યોગેશભાઇ રાણપરીયા, ઉપપ્રમુખ વિજયભાઇ રાણપરીયા, ખજાનચી વસંતભાઇ ભોલા, મંત્રી શૈલેષભાઇ ચુડાસમા, સહખજાનચી વિજયભાઇ શીશાંગીયા, સહમંત્રી દિલીપભાઇ વાડોદરીયા, સભ્યો નિલેશભાઇ ધોરાજીયા, મહેન્દ્રભાઇ ગઢીયા, કિશોરભાઇ ગૌતમી, વિનોદભાઇ ચુડાસમા, જીતેન્દ્રભાઇ વાડોદરીયા, સાગરભાઇ ગૌતમી, વિજયભાઇ પીપળીયા, ભાવેશભાઇ ગઢીયા અને સંદીપભાઇ પીપળીયા વગેરેએ આયોજન સફળ બનાવ્યું હતું.

# વિશ્વકર્મા બાગ મુંબઇ દ્વારા ૧૫ ઓગસ્ટે અમૃતકાળના વિદ્યાર્થીઓનું સન્માન થશે

મુંબઇમાં આવેલ વિલેપાર્લેમાં આવેલ વિશ્વકર્મા બાગ ખાતે પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ અમૃતકાળના વિદ્યાર્થીઓના સન્માનનો કાર્યક્રમ 'હું ઉજજવળ ભવિષ્યનો સર્જક છું.' નામથી યોજવામાં આવ્યો છે.

૧૫ ઓગસ્ટના રોજ બપોરના ૩ વાગ્યાથી શરૂ થનાર આ અનોખા વિદ્યાર્થી સન્માન કાર્યક્રમમાં મુખ્ય મહેમાનો તરીકે કિરણભાઇ હરસુખભાઇ સંચાણીયા (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ) અને મીસ દીશા દિપકભાઇ પંચાસરા (બી.ટેક કમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરીંગ) ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં ૧ થી ૧૨ ધોરણના તેમજ ગ્રેજયુએટ, ડીપ્લોમા, પોસ્ટ ગ્રેજયુએશન અને ખેલકુદમાં પ્રથમ ત્રણ સ્થાને આવેલાનું સન્માન થશે. કાર્યક્રમ બાદ રાત્રીના ૮.૩૦ કલાક ભોજન સમારંભ થશે.

વિશ્વકર્મા બાગની ટ્રસ્ટ કમિટી (૨૦૨૫ થી ૨૦૨૮)ના પ્રમુખ તુષારભાઇ કથ્રેચા, ઉપપ્રમુખ વિઠ્ઠલભાઇ અઘેડા, મંત્રી કિરણભાઇ બકરાણીયા, ખજાનચી રાજેન્દ્રભાઇ પંચાસરા, ટ્રસ્ટીઓ રમેશભાઇ અંબાસણા, પરેશભાઇ અનુવાડીયા, પ્રવીણભાઇ બોરાણીયા, ઇન્ટરનલ ઓડીટર નયનભાઇ ધોળકીયા વગેરેએ સભ્યોને આમંત્રીત કર્યા છે. વિશ્વકર્મા બાગના સમગ્ર કાર્યકતા કાર્યક્રમનું મેનેજમેન્ટ કરશે.



કિરણભાઇ હરસુખભાઇ સંચાણીયા (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)



દીશા દિપકભાઇ પંચાસરા (બી.ટેક કમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરીંગ)

**અહેવાલ : હિરેન ગોવિંદીયા (મુંબઇ)**

# વિશ્વકર્મા બાગ મુંબઇના સભ્યો માટે તબીબી સુવિધા

## બાયપાસ કે એન્જીયોપ્લાસ્ટી વિનામુલ્યે

મુંબઇમાં વિલેપાર્લેમાં આવેલા વિશ્વકર્મા બાગ દ્વારા સમાજના સભ્યોના ઉત્કર્ષ માટે વિવિધ કાર્યો થતા રહયા છે. તાજેતમાં વિશ્વકર્મા બાગના સભ્યો માટે મેડીકલ સુવિધાની જાહેરાત કરવામાં આવી છે. આ મેડીકલ સુવિધા અંતર્ગત કુપર હોસ્પિટલ, ઇર્લા, વિલે પાર્લે(પશ્ચિમ) ખાતે વિશ્વકર્મા બાગના સભ્યોને એમઆરઆઇ રૂા. ૨૫૦૦માં, સીટી સ્કેન માત્ર રૂા. ૧૨૦૦માં અને એન્જિયોગ્રાફી માત્ર રૂા. ૫૦૦૦માં કરી અપાશે. મહત્વની વાત એ છે કે સભ્યોને બાયપાસ સર્જરી કે એન્જીયોપ્લાસ્ટી કરાવવાની જરૂરીયાત હોય તો વિનામુલ્યે આ હોસ્પિટલમાં થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તેમ વિશ્વકર્મા બાગના પ્રમુખ અને બીજેપી કામદાર અઘાડીના મુંબઇના સચિવ તુષારભાઇ કથ્રેચાએ જણાવ્યું છે.



શ્રી તુષારભાઇ કથ્રેચા

**અહેવાલ : હીરેન ગોવિંદીયા**

# ૧૦ માસમાં ૨૨ આદર્શ લગ્નો કરી જીએચપીએ નવો ઇતિહાસ રચ્યો













રાજકોટના ગુર્જર સુતાર હિતેચ્છુ પરિવાર એટલે કે જીએચપી ગ્રુપ દ્વારા રાજકોટમાં આદર્શ લગ્નની નવેમ્બર-૨૫માં શુભ શરૂઆત કરવામાં આવ્યા બાદ માત્ર ૧૦ મહિનામાં ૨૨ જેટલા આદર્શ લગ્ન કરી રાજકોટની ગુર્જર સુતાર જ્ઞાતિમાં જીએચપી ગ્રુપે નવો ઇતિહાસ રચ્યો છે. જીએચપી ગ્રુપના આ આયોજનને દિનપ્રતિદિન વ્યાપક-પ્રતિસાદ મળતો જાય છે.

ગત મહિને તા. ૧૧-૭-૨૬ના રોજ મનિષા સુરેશભાઇ છનીયારા અને મયુર કાલીદાસ ધોળકીયા અને તા. ૯-૭-૨૬ના રોજ અલ્પા લવજીભાઇ જાદવાણી અને યજ્ઞેશ ચંદ્રેકાંત વીસાવડીયા આદર્શ લગ્નમાં જોડાયા હતા.

ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા અગાઉ વિશ્વકર્મા પ્રભુજીના મંદિરે આદર્શ લગ્ન થતા પરંતુ ૧૦ માસમાં જીએચપી દ્વારા જેટલા આદર્શ લગ્ન થયા તેટલા કદી થયા નથી. રાજકોટમાં ફક્ત ૧૦ મહિનામાં ૨૨ આદર્શ લગ્નનું સફળતાપૂર્વક આયોજન કરી જીએચપી ગ્રુપે રાજકોટ જ નહીં દેશભરના સમાજો માટે એક ઉમદા ઉદાહરણ પુરૂ પાડયું છે. જીએચપી ગ્રુપના આ આદર્શ લગ્નના આયોજનને રાજકોટની અન્ય સંસ્થાઓ ગુર્જર સુતાર પ્રગતિ મંડળ, ગુર્જર સુતાર કન્યા છાત્રાલય, વિશ્વકર્મા ચેરીટેબલ ટ્રસ્ટ, ગજ્જર સ્પોર્ટસ કલબ, વિશ્વકર્મા સંકટ નિવારણ અને વિદ્યાપ્રચારક મંડળ, વિરાટ ઔદ્યોગિક સેવા સહકારી મંડળી, વિશ્વકર્મા યુવા ગ્રુપ, ન્યુ વિશ્વકર્મા પુરૂષ ધુન મંડળ, શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ સત્સંગ ગ્રુપ(ભાઇઓ-બહેનો) ગજ્જર રાસોત્સવ, જીએચપી નારી શકિત ગ્રુપ સહિતની સંસ્થાઓનો વ્યાપક સહયોગ મળતો રહયો છે.

આદર્શ લગ્નમાં કરીયાવરમાં પલંગ, કબાટ તથા ઘરની ઘરવખરી સહિત ૧૮૭ જેટલી વસ્તુઓ આપવામાં આવે છે. કરીયાવર આપવા અનેક દાતાઓએ સહકાર આપતા રહયા છે.

આદર્શ લગ્નના આયોજનમાં સમાજના દાતાઓ પણ આર્થિક સહયોગ આપતા રહયા છે. જેમાં શ્રી રવિકુમાર ભારદીયા ફાઉન્ડેશન તરફથી શ્રી અમુભાઇ ભારદીયા (૩,૭૦,૦૦૦), જીએચપી ગ્રુપ (૧,૫૦,૦૦૦), રવજીભાઇ મોયરભાઇ માંડવીયા-ગાંધીધામ(૧,૩૦,૦૦૦), ખંભાયતા પરિવાર (૧,૩૦,૦૦૦), જયસુખભાઇ ડી. ઉછડીયા (૬૫,૦૦૦), પંકજભાઇ મથુરભાઇ ભેસાણીયા-મુંબઇ(૬૫,૦૦૦), મગનભાઇ દામજીભાઇ બોરાણીયા (૬૫,૦૦૦), સ્વ. મંજુલાબેન ધનજીભાઇ અને અમૃતભાઇ પી. પંચાસરા (૬૫,૦૦૦), સ્વ. ભગવાનજીભાઇ માધવજીભાઇ પાટડીયા પરિવાર (૩૫,૦૦૦), કિશોરભાઇ જોલાપરા પૂર્વ મામલતદાર (૬૫,૦૦૦) અને વિશ્વકર્મા દાદાના ભરોસે (૬૫૦૦૦)નો સમાવેશ થાય છે.

જીએચપી ગ્રુપના પ્રમુખ યોગીન છનિયારા, એડવોકેટ અરવિંદ ગજ્જરના નેતૃત્વ હેઠળ જીએચપી તેમજ અન્ય સંસ્થાના કાર્યકરો આ આયોજન સફળ બનાવી રહયા છે.

**અહેવાલ : હિરેન કલોલીયા**

# જામનગર ગુ.સુ. જ્ઞાતિ દ્વારા ૨૦ સપ્ટેમ્બરે વિદ્યાર્થી સન્માન અને ઇનામ વિતરણ સમારોહ



જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ વિદ્યાર્થી સન્માન તથા ઇનામ વિતરણ સમારોહનું તા. ૨૦-૦૯-૨૬ના રવિવારેના બપોરે બે વાગ્યાથી આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ધો. ૧ થી ૧૨ ધોરણના વિદ્યાર્થીઓ કે જેમણે ૮૦ ટકાથી વધુ કુલ ગુણ મેળવ્યા હોય (પી.આર. નહીં) તેમનું તેમજ ધો. ૧૨ સાયન્સમાં ૬૦ ટકા ઉપર અને કોલેજની વિવિધ ફેકલ્ટીમાં ઉચ્ચત્તર અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું સન્માન કરાશે. આવા વિદ્યાર્થીઓએ ૫/૯/૨૬ સાંજ સુધીમાં જામનગર વિશ્વકર્મા મંદિરની ઓફીસે-ઓફીસ સમયમાં માર્કશીટની ઝેરોક્ષ, નામ-સરનામા અને મોબાઇલ નંબર સાથે મોકલવાની રહેશે.

**વિશિષ્ટ વિદ્યાર્થી સન્માન**

આ કાર્યક્રમમાં જામનગર શહેર-જીલ્લા ઉપરાંત રાજકોટ, જુનાગઢ, પોરબંદર, મોરબી, દેવભૂમિ દ્વારકા, અમરેલી, ભાવનગર, શહેર અને આ તમામ જીલ્લાભરના વિદ્યાર્થી કે જેમણે ધો. ૧૦ અને ધો. ૧૨માં ૮૦ ટકા (પીઆર નહીં)થી વધુ માર્ક મેળવ્યા હોય તેવા વિદ્યાર્થીઓનું પણ સન્માન કરાશે. આવા વિદ્યાર્થીઓએ માર્કશીટની ઝેરોક્ષ કોપી નામ, સરનામુ, મોબાઇલ નંબર સાથે તા. ૫/૯/૨૬ સાંજ સુધીમાં જામનગર વિશ્વકર્મા પ્રભુજી મંદિર-ઓફીસે પહોંચાડવી ફરજીયાત છે.

આ સમારોહ માટે રૂા. ૨૦૦૦ કે રકમનું દાન કરનાર દાતાનું નામ કંકોત્રીમાં પ્રસિદ્ધ કરાશે.

જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિના નિયામક સમિતિના પ્રમુખ રમણીકભાઇ ગોરેચા, ટ્રસ્ટીઓ દિલીપભાઇ ભારદીયા (મામા), અશોકભાઇ આમરણીયા, કાર્યવાહક કમિટીના પ્રમુખ ભરતભાઇ વડગામા, ઉપપ્રમુખ નિલેશભાઇ ખારેચા, મંત્રી ડો. હિમાંશુ બામરોલીયા, ખજાનચી નિલેશભાઇ ઇસલાણીયા, સર્વિસ ગ્રુપના પૂર્વ પ્રમુખ પ્રવીણભાઇ ભાલારા, સર્વિસ ગ્રુપના પ્રમુખ નિલેશભાઇ વડગામા, યુવક મંડળના પ્રમુખ વિમલભાઇ ગોરેચા, મહિલા મંડળના પ્રમુખ દેવિકાબેન બકરાણીયા, મંત્રી મિતલબેન વગેરેએ આયોજનમાં તન-મન-ધનથી સહયોગ આપવા અપીલ કરી છે.

# રાજકોટનો યશ ધોરાજીયા ઇજનેર બનશે



રાજકોટમાં ફર્નીચરના વ્યવસાય સાથે સંકળાયેલા ભાવેશભાઇ કાંતિભાઇ ધોરાજીયા અને હેતલબેન ભાવેશભાઇ ધોરાજીયાના પુત્ર યશ ભાવેશભાઇ ધોરાજીયાએ ભકિતનગર સર્કલ પાસે આવેલ શ્રી સરસ્વતી સ્કુલમાં અભ્યાસ કરી એસએસસીમાં ૯૭ પીઆર મેળવી મેવાડા સુતાર સમાજની જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે.

યશ ભાવેશભાઇ ધોરાજીયાનું લક્ષ્યાંક ઇજનેર થવાનું છે. એટલે ધો. ૧૧ માં સરસ્વતી સ્કુલીંગ સિસ્ટમ ભકિતનગર સર્કલ પાસે એ ગ્રુપ સાયન્સ રાખેલ છે. અભ્યાસ શરૂ કર્યો છે. પરંતુ તેમના બંને સંતાનો ઉચ્ચ શિક્ષિત બને તે માટે કટીબદ્ધ છે.

ભાવેશ કાંતિભાઇ ધોરાજીયાના મોટાભાઇ શ્રી પ્રમુખ ઇશ્વરભાઇ કાંતિભાઇ ધોરાજીયા હાલમાં રાજકોટ મેવાડા સુતાર સમાજના પ્રમુખ પદે સમાજનો સારો વિકાસ કરે છે. ભાવેશભાઇ કાંતિભાઇ ધોરાજીયા પણ સમાજના કામ માટે સદા તત્પર રહે છે. યશ ભાવેશભાઇ ધોરાજીયા ઇજનેર બનીને પરિવાર અને મેવાડા સુતાર સમાજમાં ગૌરવ પ્રાપ્ત કરે તેવી શ્રી વિશ્વકર્મા વિશ્વ પરિવારની શુભેચ્છા.

**નોંધ : જુનના શૈક્ષણિક અંકમાં પ્રિન્ટ મિસ્ટેકથી આ સમાચારમાં સ્વ. ઇશ્વરભાઇ પ્રિન્ટ થઇ ગયેલ હતું. જે બદલ દિલગીરી વ્યકત કરવામાં આવે છે.**

# ડૉ. કૃણાલ પંચાલના પુસ્તક ત્રણ દિવા, એક અજવાળુંનુ વિમોચન





''ત્રણ દીવા, એક અજવાળું''નું વિમોચન ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના સ્થાપના દિવસના ભવ્ય સમારંભમાં ગુજરાતના માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં સંપન્ન થયું.

આ પુસ્તક માત્ર ત્રણ બાળકોની જીવનકથા નથી; પરંતુ સંઘર્ષને સંકલ્પમાં, પડકારોને પરાક્રમમાં અને સપનાઓને સિદ્ધિમાં પરિવર્તિત કરનાર ત્રણ અસાધારણ બાળ વ્યક્તિત્વોની પ્રેરક જીવનયાત્રા છે. જીવનમાં પરિસ્થિતિઓ નહીં, પરંતુ દૃઢ મનોબળ અને સતત પ્રયત્નો સફળતાનો માર્ગ બનાવે છે. એવો સશક્ત સંદેશ આ પુસ્તક આપે છે.

આ પુસ્તક લખવાની પ્રેરણા અને પ્રકાશન બદલ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડો. ટી. એસ. જોશી સાહેબનો હું હૃદયપૂર્વક આભારી છું.

આશા છે કે ''ત્રણ દીવા, એક અજવાળું'' વિદ્યાર્થીઓ, માતા-પિતા, શિક્ષકો અને યુવાનો માટે પ્રેરણાનું અજવાળું બની રહેશે..

ડો.કૃણાલ પંચાલ, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર.
મો. ૯૪૨૯૨૯૭૭૩૭

# ગુજરાત પ્રદેશ સુથાર સમાજના સૂત્રધારોની વરણી



સમગ્ર ગુજરાત તેમજ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન રાજ્યનું પ્રતિનિધિત્વ કરતી મેવાડા, ગજ્જર, વૈશ્ય અને પંચોળી સુથાર જ્ઞાતિજનોની વડોદરા ખાતે આવેલી સંસ્થા ગુજરાત પ્રદેશ સુથાર સમાજની રાજ્યસ્તરીય બેઠક તાજેતરમાં મળી હતી. જેમાં હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે ઠાકોર મિસ્ત્રી, ઉપપ્રમુખ નિખીલભાઈ ગજ્જર, ઉપપ્રમુખ દિનેશચંદ્ર સુથાર બોરસદ તથા મંત્રી તરીકે સંજય ગજ્જરની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. આ સંસ્થાની રાજ્યસ્તરે નોંધણી કરાવી છેલ્લા ૩૧ વર્ષથી સુથાર જ્ઞાતિઓની તમામ પેટાજ્ઞાતિઓને એક છત્રતળે સંગઠીત કરીને રાજ્યસ્તરે સુથાર જ્ઞાતિજનોનું મજબુત સંગઠન ઉભુ કર્યું છે. રાજ્યસ્તરે અને કેન્દ્રસ્તરે સરકારશ્રીના બક્ષીપંચના લાભો અપાવવા તથા માર્ગદર્શન પુરુ પાડવામાં પણ જ્ઞાતિજનો માટે સંસ્થા અગ્રેસર રહી છે.

રાજ્યસ્તરે બક્ષીપંચના લાભો તથા સરકારશ્રીની વિવિધ યોજના અંગે તથા કેન્દ્રસ્તરે સફળ રજુઆતોને કારણે જ્ઞાતિનો કેન્દ્રીય ઓ.બી.સી. માં સમાવેશ થયો છે. કેન્દ્ર સરકારના ગેઝેટ સાથે સંયોગીક કાગળો પણ સંસ્થામાં ઉપલબ્ધ છે જે દ્વારા કેન્દ્રીય લાભો મેળવવા સમાજનો સંપર્ક કરવા જણાવાયું છે.



સૌરાષ્ટ્ર, ગુજરાત કે દેશના કોઈ પણ અખબાર અને મેગેઝીનમાં
કોમર્શિયલ, શુભેચ્છા, ક્લાસીફાઈડ કે અન્ય કોઈ પણ જાહેરાત આપવા માટે સંપર્ક કરો

ફોર કલર વીઝીટીંગ કાર્ડ, બીલ બુક, લેટર પેડ, કવર, બ્રોશર, પેમ્પલેટ,
આમંત્રણ કાર્ડ, પરિવાર પરિચય ગ્રંથ અને બુક વર્ક સહિતના પ્રીન્ટીંગ કામ માટે સંપર્ક કરો

Ramy Ads

Pravin Gajjar - Mo. 90999 49565
320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001.

# કિચન તડકા : ફરાળી વાનગીઓ

શુભદા ભટ્ટી

## (૧) ફરાળી પેટીસ ચાટ

**સામગ્રી :**

- બાફેલા બટાકા - ૩ નંગ
- જીણા સુધારેલ લીલા મરચા - ૨ મોટી ચમચી
- સિંધવ મીઠુ - સ્વાદ મુજબ
- આમચુર પાવડર - ૧ નાની ચમચી
- દળેલી ખાંડ - ૧/૨ ચમચી
- મરી પાવડર - ૧/૨ ચમચી
- લીલી ચટણી - જરૂર મુજબ
- ખજુર-આમલી ચટણી - જરૂર મુજબ
- જીરા પાવડર - સ્વાદ મુજબ
- મરચુ પાવડર - સ્વાદ મુજબ
- દહીં - જરૂર મુજબ
- કોથમીર - ૧ થી ૨ ચમચી
- તેલ - જરૂર પ્રમાણે

**બનાવવાની રીત :**

એક બાઉલમાં બાફેલા બટાકાને મેશ કરવા. પછી તેમાં લીલા મરચા, સિંધવ મીઠુ, આમચુર પાવડર, ખાંડ, મરી પાવડર એડ કરીને તેમાંથી પેટીસ બનાવવી. બનાવેલ પેટીસને શેલો ફ્રાય કરવી લાઇટ બ્રાઉન થાય ત્યાં સુધી મિડીયમ તાપે. એક બાઉલમાં પેટીસ મુકો તેના પર ખજુર-આમલી ચટણી, લીલી ચટણી, દહીં ઉપરથી સ્વાદ મુજબ, જીરા પાવડર, મરચુ પાવડર, એડ કરો. કોથમીર એડ કરીને સવ કરો.

## (૨) દુધી-સાબુદાણા ખીર

**સામગ્રી :**

- પલાળેલ સાબુદાણા - ૧ નાની વાટકી
- ખમણેલી દુધી - ૧ નાની વાટકી
- દુધ - ૫૦૦ એમએલ
- ઇલાચી પાવડર - ૧ નાની ચમચી
- દુધમાં પલાળેલુ કેસર - ૧ થી ૨ ચમચી



- ખાંડ - ૪ થી ૫ મોટી ચમચી
- બદામ કતરણ - ૧ થી ૨ ચમચી

**બનાવવાની રીત :**

સૌપ્રથમ જાડા તળીયાવાળા પેનમાં દુધ લો અને તેને એક ઉભરો આવે ત્યાં સુધી રાખો. સાબુદાણાનું એકદમ પાણી નિતારી લો અને પછી તેને દુધમાં એડ કરો. દુધી પણ એડ કરવી. કેસર પણ એડ કરીને દુધ થોડુ ઘટ્ટ થાય ત્યાં સુધી ઉકાળવું. દુધ ઘટ્ટ થાય પછી તેમાં ખાંડ, ઇલાચી પાવડર એડ કરીને મિકસ કરવું. છેલ્લે ઉપરથી બદામ કતરણ એડ કરીને સવ કરો. આ ખીર ઠંડી પણ સરસ લાગે છે અને ગરમ પણ સરસ લાગે છે.

## (૩) મખાના ખીર

**સામગ્રી :**

- મખાના - ૧ કપ
- દુધ - ૨ કપ
- ખાંડ - અડધો કપ
- ઘી - ૧ મોટી ચમચી
- ઇલાચી પાવડર - ૧ ચમચી
- દુધમાં પલાળેલ કેસર - ૨ ચમચી
- બદામ-કાજુ - ૩ થી ૪ ચમચી

**બનાવવાની રીત :**

સૌ પ્રથમ એક પેનમાં ઘી લો તેમાં મખાના રોસ્ટ કરવા. એ જ ઘીમાં બદામ કાજુ પણ લાઇટ રોસ્ટ કરવા. જાડા તળીયાવાળુ પેન લો. તેમાં દુધ એડ કરવું. એક ઉભરો આવે ત્યાં સુધી ઉકાળવું. પછી તેમાં કેસર એડ કરવું. રોસ્ટ મખાના અને બદામ-કાજુનો પાવડર બનાવી લેવો. આ પાવડરને દુધમાં એડ કરવો. બરાબર મિકસ કરી ઉકાળી લો દુધને થોડું ઘટ્ટ કરવું. હવે તેમાં ઇલાચી પાવડર, ખાંડ એડ કરીને મિકસ કરવું. આ ખીરને ગરમાગરમ અથવા ઠંડી પણ સવ કરી શકાય છે.

## ૪. ફરાળી ફરસી પુરી



**સામગ્રી :**

- ફરાળી લોટ - ૧ બાઉલ
- મરી પાવડર - ૧/૨ ચમચી
- જીરા પાવડર - ૧/૨ ચમચી
- આદુ મરચાની પેસ્ટ - ૧ ચમચી
- તલ - ૧/૨ ચમચી
- તેલ - જરૂર મુજબ
- દહીં - ૧ ચમચી
- તેલ (મોણમાં) - ૧ ચમચી

**બનાવવાની રીત :**

સૌથી પહેલા એક બાઉલમાં લોટ લો. તેમાં બધા મસાલા એડ કરો. દહીં, મોણ ઉમેરીને જરૂર મુજબ પાણી ઉમેરીને લોટ બાંધી લો. હવે તેમાં લુઓ બનાવીને કટરથી ગોળ કટ કરી ગરમ તેલમાં ગોલ્ડન બ્રાઉન થાય ત્યાં સુધી મીડિયમ ગેસે તળવી.

# શ્રી અમુભાઇ ભારદીયાની શુભેચ્છા મુલાકાતે શ્રીમતી ધર્મીષ્ઠાબેન ગજ્જર







ગુજરાત રાજયના બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષ શ્રીમતી ધર્મીષ્ઠાબેન ગજ્જરે તાજેતરમાં તેમની રાજકોટની બે દિવસની વિઝીટ દરમ્યાન રાજકોટમાં રવિ ટેકનોફોર્જના ચેરમેન શ્રી અમુભાઇ ભારદીયાના નિવાસસ્થાને જઇને શુભેચ્છા મુલાકાત લીધી હતી. ધર્મીષ્ઠાબેનનું આગમન થયું ત્યારે શ્રી અમુભાઇ ભારદીયા અને રંજનબેન ભારદીયાએ તેમનું ભાવભીનું સ્વાગત કર્યુ હતું.

શ્રીમતી ધર્મીષ્ઠાબેન ગજ્જરે શ્રી અમુભાઇના નિવાસસ્થાને શુભેચ્છા મુલાકાત લીધી. ત્યારે જીએચપી ગ્રુપના પ્રમુખ શ્રી યોગીનભાઇ છનિયારા, ગુર્જર સુતાર પ્રગતિ મંડળના અધ્યક્ષ એડવોકેટ અરવિંદભાઇ ગજ્જર, ઉદ્યોગપતિ મગનભાઇ બોરાણીયા, જયસુખભાઇ ઉછડીયા, શ્રી મુકેશભાઇ પંચાસરા, જીએચપી ગ્રુપના હિરેન કલોલીયા, આનંદ પંચાસરા પણ ઉપસ્થિત રહયા હતા.

શ્રી અમુભાઇ ભારદીયા અને રંજનબેન ભારદીયાએ શ્રીમતી ધર્મીષ્ઠાબેનનું બુકે અર્પણ કરી સન્માન કર્યુ હતું. જયારે શ્રી યોગીન છનિયારા અને શ્રી અરવિંદ ગજ્જરે ખેસ પહેરાવી સ્મૃતિ ચિન્હ આપી તેમનું સન્માન કર્યુ હતું.

શુભેચ્છા મુલાકાત દરમ્યાન ધર્મીષ્ઠાબેને આયોગ દ્વારા ચાલતી બાળસુરક્ષા, શિક્ષણ આરોગ્ય પોષણ, બાળ સંરક્ષણ અને કિશોર ન્યાય વ્યવસ્થાની ચાલતી કામગીરી અંગેની માહિતી આપી હતી.

શ્રી અમુભાઇ ભારદીયાએ શ્રી રવિકુમાર ભારદીયાની સ્મૃતિમાં શ્રી રવિકુમાર ભારદીયા ફાઉન્ડેશન દ્વારા સમાજ, શિક્ષણ સહિતના વિવિધ ક્ષેત્રોમાં થયેલા વિકાસ કાર્યો અંગે માહિતી આપી હતી. શ્રી રવિકુમાર ભારદીયા ફાઉન્ડેશન દ્વારા અપાયેલા અનુદાનથી વિવિધ શહેરોમાં થયેલા સમાજના ભવનોની વિગત જાણી શ્રીમતી ધર્મીષ્ઠાબેન ખુબ જ પ્રભાવિત થયા હતા. રાજકોટમાં દેશની પ્રથમ ગુર્જર સુતાર કન્યા છાત્રાલયની વિગતો પણ શ્રી અમુભાઇએ આપી હતી. રાજકોટમાં ચાલતી સમાજ સંસ્થાઓની પ્રવૃત્તિથી પણ જાણકારી હતી.

જીએચપી ગ્રુપ દ્વારા ટુંકા ગાળામાં ૨૨ જેટલા થયેલા આદર્શ લગ્ન તેમજ આદર્શ લગ્નનું કંઇ રીતે આયોજન થાય છે તેની શ્રી યોગીનભાઇ છનિયારાએ આપેલ માહિતીથી પણ ધર્મીષ્ઠાબેન પ્રભાવીત થયા હતા.

શ્રી અરવિંદભાઇ ગજ્જરે ગુર્જર સુતાર પ્રગતિ મંડળ દ્વારા સુથાર સમાજના સર્વાંગી વિકાસ માટે થતી પ્રવૃતિની માહિતી આપી. શ્રીમતી ધર્મીષ્ઠાબેને ઉપસ્થિત મહાનુભાવોને ગાંધીનગર આવવા આમંત્રણ આપ્યું હતું.

આ શુભેચ્છા મુલાકાત સમયે ઉપસ્થિત વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજ્જરે શ્રીમતી ધર્મીષ્ઠાબેનને 'વિશ્વકર્મા વિશ્વ' અર્પણ કર્યુ હતું.


VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2024-2026. Posted at Rajkot RMS on 10th of Every Month



# હાર્દિક અભિનંદન

## શ્રી કિશોરભાઈ ખંભાયતા

(ડુનેક્ષ)



આપશ્રીએ રાજકોટને આંગણે બાગેશ્વરધામ જેવા માહોલનું સર્જન કરી ત્રણ ત્રણ દિવસ ફકત રાજકોટ જ નહીં સમગ્ર સૌરાષ્ટ્રના ભાવિકોને શ્રી ધીરેન્દ્રકુમાર શાસ્ત્રી(બાબા બાગેશ્વર)ની દિવ્ય વાણીનો લાભ અપાવવાની સાથે સનાતની ધ્વજ ફરકાવવાનો ઐતિહાસિક અવસરનું સફળ સર્જન કર્યું અને આ આયોજનથી સમગ્ર સમાજને આપે અનેરૂ ગૌરવ અપાવ્યું છે.

### આપને લાખ લાખ અભિનંદન...

**અરવિંદભાઈ આર. ગજ્જર, અધ્યક્ષશ્રી**
ગુર્જર સુતાર પ્રગતિ મંડળ, રાજકોટ

**રમેશભાઈ બી. સોનિગરા, પ્રમુખશ્રી**
શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ, રાજકોટ

**શ્રી રમણીકભાઇ પાટણવાડીયા,**
શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ, સત્સંગ ગ્રુપ
(ભાઈઓ તથા બહેનો)

**શ્રી અશોકભાઇ માંડવીયા, પ્રમુખશ્રી,**
શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળ, સુરત

**શ્રી બકુલભાઇ ધારૈયા, અધ્યક્ષશ્રી,**
શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર જ્ઞાતિ મંડળ, સુરત

**શ્રી અતુલભાઇ જાદવાણી, પ્રમુખશ્રી**
શ્રી ભાવનગર સમસ્ત ગુર્જર સુતાર જ્ઞાતિ, ભાવનગર

**શ્રી જીતેન્દ્રભાઈ સોંડાગર, પ્રમુખશ્રી**
શ્રી ગુર્જર સુતાર સમાજ, અમરેલી

**શ્રી નરેશભાઇ મોડાસિયા, પ્રમુખશ્રી**
શ્રી વિશ્વકર્મા મંદિર ટ્રસ્ટ, દેલવાડા

**શ્રી અશોકભાઈ નાંડોરિયા, પ્રમુખશ્રી**
શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ , વેરાવળ

**શ્રી જયસુખભાઈ દેવરાજભાઈ ઉછડિયા**
અગ્રણી ઉદ્યોગપતિ, એમ.ડી.-સ્લીમટેક ઈન્ડિયા, રાજકોટ

**શ્રી નવનીતભાઈ ખંભાયતા, પ્રમુખશ્રી**
શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ મંડળ, કાલાવડ ( શીતળા)

**શ્રી જગદીશભાઈ ઝાલેરા, પ્રમુખશ્રી**
શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ, જૂનાગઢ

**શ્રી કનકભાઈ ખંભાયતા, પ્રમુખશ્રી,**
શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ મંડળ, જામકંડોરણા

**શ્રી ધીરુભાઈ સીતાપરા, પ્રમુખશ્રી,**
શ્રી વિશ્વકર્મા ગુર્જર સુતાર સમાજ,કેશોદ

**શ્રી ભરતભાઈ એમ. મહિધરીયા, પ્રમુખશ્રી**
શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ, લીંબડી,

**શ્રી રાજુભાઈ ચાંપાનેરા, પ્રમુખશ્રી,**
શ્રી ગુર્જર સુતાર સમાજ, વિશ્વકર્મા મંદિર, પ્રભાસપાટણ

**શ્રી મુકેશભાઇ પાટણવાડીયા, પ્રમુખશ્રી**
શ્રી ગુર્જર સુતાર સમાજ, ગોંડલ

**શ્રી કલ્પેશભાઈ બકરાણિયા**
શ્રી ગુર્જર સુથાર સમાજની વાડી, સાવરકુંડલા

VISHWAKARMA VISHAWA (GUJARATI-MONTHLY)
Editor-Publisher-Owner & Printer: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)
**If Undelivered Please Return : રમ્ય પબ્લીકેશન, ૩૨૦-હીરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૧**